**આજનો સુવિચાર**

કોઈનું અપમાન કરતા પહેલા વિચારો કે તમે તમારું માન ગુમાવી રહ્યા છો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૨૭ જૂનાગઢ તા.૧૧-૦૧-૨૦૨૫ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 27, Junagadh : Date : 11 January, 2025, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## લોસ એન્જલસમાં ભયાનક આગથી અણુ હુમલો થયો હોય તેવા દ્રષ્યો



### દાવાનળથી રૂા.૧૬ લાખ કરોડનું નુકશાન : ૧૦ હજાર ઘરો બળીને ખાખ : ભારે પવનને કારણે હજુ પણ આગ બેકાબુ બનશે

લોસ એન્જલસ તા.૧૧

અમેરીકાના લોસ એન્જલસ નજીક જંગલ વિસ્તારમાં લાગેલી ભયાનક આગે મહાવિનાશ સર્જી દીધો છે. લોસએન્જલસમાં લાગેલી આગ હોલીવુડ સુધી ફેલાઈ ગઈ છે. અત્યાર સુધી ૧૦,૦૦૦ જેટલા મકાનો આગમાં ભસ્મીભૂત થઈ ગયા છે. લોસએન્જલસ અને હોલીવુડમાં એવી ભયાનક તબાહી સર્જાઈ છે કે, અણુ હુમલો થયો હોય તેવા દશ્યો જોવા મળી રહ્યા છે. નાં જંગલોમાં છેલ્લા કેટલાક દિવસથી ભયાનક આગ લાગી છે, જેણે ઘણા ઘરોને ઝપેટમાં લીધા છે. રસ્તાઓ બ્લોક થઈ ગયા છે. આ દુર્ઘટનામાં અત્યારસુધીમાં ૧૧ લોકોનાં મોત થયાં છે. ફાયરફાઈટરોનું કહેવું છે કે ભારે પવનને કારણે જ્વાળાઓ ફરીથી ભડકી શકે છે, જેનાથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. લોસ એન્જલસના પોશ વિસ્તારોમાં ભીષણ આગથી હજારો ઘરો બળીને ખાક થઈ ગયા છે અને હોલીવૂડ હિલ્સ સુધી ફેલાઈ ગઈ છે.

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં મંગળવારે લાગેલી આગ પાંચ દિવસ પછી પણ સંપૂર્ણ રીતે કાબૂમાં આવી નથી. આમાં અત્યારસુધીમાં ૧૧ લોકોના મોત થયા છે. કેલિફોર્નિયાના સાંતા મોનિકા શહેરમાં આગ સંકટ અને લૂંટફાટના અહેવાલો વચ્ચે વહીવટીતંત્રે કર્ફ્યુ જાહેર કરી દીધો છે. ૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## કિસાન ક્રેડિટ કાર્ડ પર રૂા.પાંચ લાખ સુધીની લોન આપવા સરકારની વિચારણા

નવી દિલ્હી, તા.૧૧:

કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળ ઉધાર લેવાની મર્યાદા ટૂંક સમયમાં વધારીને પાંચ લાખ રૂપિયા કરવામાં આવી શકે છે. સૂત્રએ જણાવ્યું હતું કે આગામી બજેટમાં સરકાર વર્તમાન ૩ લાખ રૂપિયાની મર્યાદા એટલે કે ક્રેડિટ મર્યાદા ૫ લાખ રૂપિયા સુધી વધારવાની યોજના બનાવી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેનું બજેટ ૧ ફેબ્રુઆરીએ લોકસભામાં રજૂ કરવામાં આવશે.

અધિકારીએ કહયું, કિસાન ક્રેડિટ કાર્ડ પર ઉધાર લેવાની મર્યાદા છેલ્લે ઘણા સમય પહેલા વધારવામાં આવી હતી. સરકારને મર્યાદા વધારવાની સતત માંગણીઓ મળી રહી છે. ખેડૂતોને મદદ કરવા અને ગ્રામીણ માંગ વધારવાના ઉદ્દેશ્ય સાથે, સરકાર આ બજેટમાં મર્યાદા વધારવાનું વિચારી રહી છે. તેથી, કિસાન ક્રેડિટ કાર્ડ પર ઉધાર મર્યાદા ૩ લાખ રૂપિયાથી વધીને ૫ લાખ રૂપિયા થઈ શકે છે.

### અમદાવાદમાં રીવર ફ્રન્ટ પર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ

અમદાવાદ તા.૧૧

ગુજરાતની આગવી ઓળખ સમાન ઈન્ટરનેશન કાઈટ ફેસ્ટિવલનો આજથી રંગારંગ પ્રારંભ થઈ ચૂક્યો છે. અમદાવાદ રિવરફ્રન્ટ પર યોજાઈ રહેલા પતંગોત્સવનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો.

## એલન મસ્ક ટૂંક સમયમાં પાગલ થઈ શકે છે : બાયોગ્રાફરનો દાવો

વોશિંગ્ટન તા.૧૧

સેથ અબ્રામસન નામના બાયોગ્રાફરે કહ્યું કે બે મહિના સુધી એલોન મસ્કનું ખૂબ નજીકથી નિરીક્ષણ કર્યુ: તે ગંભીર રીતે માનસિક રીતે બીમાર છે અને તણાવ ઓછો કરવા માટે દવાઓનો ભારે ડોઝ લે છે. તેની હાલત ખૂબ જ ખરાબ છે:તેમણે કહ્યું, અમેરિકાને એલોન મસ્કથી બચાવો.

ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓ વિશ્વના સૌથી ધનિક લોકોમાંના એક એલોન મસ્કના બાયોગ્રાફરે તેમના



સ્વાસ્થ્ય વિશે મોટો દાવો કર્યો છે. સેથ અબ્રામસન નામના બાયોગ્રાફરે કહ્યું કે એલન મસ્ક ટૂંક સમયમાં પાગલ થઈ શકે છે. આવી સ્થિતિમાં, સરકારે હસ્તક્ષેપ કરવાની જરૂર છે. અબ્રામ્સને દાવો કર્યો હતો કે તેણે બે મહિના સુધી એલોન મસ્કનું ખૂબ નજીકથી નિરીક્ષણ કર્યુ છે.

અબ્રામસને સોશિયલ મીડિયા પર લખ્યું, હું મસ્કનો બાયોગ્રાફર છું જે છેલ્લા બે વર્ષથી તેના ઓનલાઈન વર્તન પર નજીકથી નજર રાખી રહ્યો છું. તે ગંભીર રીતે માનસિક રીતે બીમાર છે અને તણાવ ઓછો કરવા માટે દવાઓનો ભારે ડોઝ લે છે. તેની હાલત ખૂબ જ ખરાબ છે. તેમણે કહ્યું, અમેરિકાને એલોન મસ્કથી બચાવો.

## પંજાબમાં આપના ધારાસભ્યનું ગોળી વાગવાથી મોત

લુધિયાણા, તા.૧૧:

આમ આદમી પાર્ટીના લુધિયાણા પશ્ચિમના ધારાસભ્ય ગુરપ્રીત ગોગી બસ્સીનું ગત મોડી રાતે ઘરે શંકાસ્પદ હાલતમાં ગોળી વાગવાથી મૃત્યુ થયું હતું. ગોળી તેમના માથામાં વાગી હતી, પરંતુ કોણે ચલાવી તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

ડીસીપી જસકરણ સિંહ તેજાએ જણાવ્યું, ગુરુપ્રીત ગોગીનું હોસ્પિટલ પહોંચતા સુધીમાં મૃત્યુ થઈ ગયું હતું. ઘટના રાતે લગભગ ૧૨ કલાકે બની હતી. મોતનું સાચું કારણ જાણવા પોસ્ટ મોર્ટમ કરવામાં આવશે.

ગોળીનો અવાજ સાંભળીને ઘરના સભ્યો તથા સુરક્ષામાં તૈનાત લોકો રૂમમાં પહોંચ્યા હતા. જ્યાં તેઓ લોહીલુહાણ પડયા હતા. તેમને તરત જ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ ચેક કરીને મળત જાહેર કર્યા હતા. સૂચના મળતાં જ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પહોંચી ગયા હતા.

## AIની કમાલ : યુવકે એક રાત્રીમાં નોકરી માટે ૧000 અરજી કરી : ૫0ના ઈન્ટરવ્યુ આવ્યા

નવી દિલ્હી તા.૧૧ :

આજે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના યુગમાં સૌથી મુશ્કેલ કામ પણ આસાન બની ગયાં છે. જે કરવા માટે સામાન્ય રીતે કલાકો લાગતાં હતાં હવે તે એક જ મીનીટમાં કરી શકાય છે. એ જ રીતે, એક યુવકે નોકરી શોધવામાં એઆઈની બુદ્ધિમત્તાનો ઉપયોગ કર્યો છે.

એઆઈએ આજનાં સમયમાં લોકોનાં જીવનમાં પરિવર્તન લાવવાનો નવો રસ્તો ખોલ્યો છે. નોકરીની શોધમાં પણ આ ટેકનિક અદ્‌ભૂત સાબિત થઈ રહી છે. તેનું જીવતું જાગતું ઉદાહરણ એક વ્યકિત દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું જેણે એઆઈની મદદથી એક જ રાતમાં સુતાં સુતાં ૧૦૦૦ નોકરીઓ માટે અરજી કરી હતી અને તેને ૫૦ ઈન્ટરવ્યુ માટે ઓફર પણ મળી હતી.

**જુનાગઢ શહેરમાં શ્રી હરિવાડીમાં ભવ્યસેલ**
**તારીખ ૩૦/૧૨/૨૪ થી ૧૩/૦૧/૨૫**



ONLY ₹150

2 જોડી માત્ર ₹500 માં
1 જોડી માત્ર ₹300 માં


~~₹700~~ ONLY ₹350

શ્રી હરિવાડી (જુનું અક્ષર મંદિર), હાટકેશ હોસ્પિટલની પાસે, દોમડિયાવાડીની બાજુમાં, કોલેજ રોડ, જુનાગઢ

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪

**ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ**
મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.
સીંગતેલ લેવા માટેનું સ્થળ :
**ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ**
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જયાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**રેંટિયો** દેસી તુવેર દાળની પસંદગીમાં જ **સમજદારી** છે.
RENTIO® Since 1935 Promise of Good Health for 90 Years
સીઝનની નવી




રેંટિયો દેસી તુવેર દાળ
- ડ્રાય પ્રોસેસ્ડ
- હાઈજેનીકલી **સીલ પેક**
- **તંદુરસ્તી** માટે શ્રેષ્ઠ


૯૦ વર્ષોથી રેંટિયો દેસી દાળ લાખો પરિવારની પસંદ.
ફાસ્ટર કુકીંગ... ટેસ્ટીઅર...
#MeriDesiDal
Follow Us : @RENTIOFOODS • www.rentiofoods.com

**મકાન વેંચવાનું છે**
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ 300 વાર જમીન મકાન સાથે વેંચવાનું છે
:: કોન્ટેક ::
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫


Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
ગુજરાત રાજ્ય



રાજ્ય સરકાર દ્વારા
**"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦13"**
(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ **૭૪ લાખ** થી વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની **૩.૬૮ કરોડ** જનસંખ્યાને



**"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"**
અંતર્ગત જાન્યુઆરી – ૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના **વિનામૂલ્યે** વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |

**જાન્યુઆરી - ૨૦૨૫ માસનું વિતરણ તારીખ:૩૧/૦૧/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.**

**રાજ્ય સરકારની ખાંડ, મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી**

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા.₹ |
|---|---|---|---|---|
| ૧ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૨ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૩ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

ઈ શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

**શ્રી કુંવરજીભાઈ બાવળીયા**
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે

### લાયસન્સી પીટીશન રાઈટરો સિવાયના બીનઅધિકૃત વ્યકિતઓ, એજન્ટોએ

# તાલુકા સેવા સદન તથા તેની આસપાસના ૩૦૦ મીટરના વિસ્તારમાં અરજીઓ વિગેરેના લખાણો કરવા બેસવું નહીં : જૂનાગઢના સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પડાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેર ખાતે સરદારબાગ પાસે આવેલ તાલુકા સેવા સદનના બીલ્ડીંગ તથા તેની આજુબાજુના વિસ્તારમાં પીટીશન રાઈટરનું લાયસન્સ કે તાલુકા સેવા સદનના કમ્પાઉન્ડમાં બેસીને અરજીઓ લખવાની મંજુરી ન ધરાવતા હોય તેવા અનઅધિકૃત વ્યકિતઓ દ્વારા અરજદારોની અરજીઓ તૈયાર કરવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. અત્રેના ધ્યાને આવેલ છે કે, આવા અનઅધિકૃત વ્યકિતઓની કામગીરીથી લોકો પરેશાની ભોગવે છે અને આવા અનઅધિકૃત લોકો જાહેરજનતા પાસેથી અરજી લખવા તેમજ કામ કરાવવાના બહાના હેઠળ પૈસા પડાવવાની પ્રવૃતિ કરે છે. કચેરી કમ્પાઉન્ડમાં તથા કચેરીની આજુબાજુમાં બેસી રહેવાના કારણે તથા તાલુકા સેવા સદન અને તેની આજુબાજુના વિસ્તારમાં લારીવાળા, ફેરીયાઓ દ્વારા છુટક વેપારની પ્રવૃતી કરવાનાં કારણે લોકોની બીનજરૂરી ભીડ એકત્ર થતાં ટ્રાફિક તેમજ કાયદો અને વ્યવસ્થા ખોરવાવાની સ્થિતી અવારનવાર બને છે. જે સબબ જાહેરહિત તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતીને ધ્યાને લઈ તકેદારીના પગલા રૂપે આવા બિનઅધિકૃત વ્યકિતઓ, લારીવાળા, ફેરીયાઓ, છુટક વિકેતાઓને કચેરી તથા કચેરીની આજુબાજુના વિસ્તારમાં બીનઅધિકૃત રીતે બેસવા માટે પ્રતિબંધ ફરમાવવાનું વ્યાજબી અને ઉચિત જણાય છે. જેથી શ્રી ચરણસિંહ ગોહિલ(G.A.S.), સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ, જૂનાગઢ દ્વારા આથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ- ૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, અત્રેથી આપવામાં આવેલ લાયસન્સી પીટીશન રાઈટરો સીવાયના બીનઅધિકૃત વ્યકિતઓ, એજન્ટોએ તાલુકા સેવા સદન તથા તેની આસપાસના ૩૦૦ મીટરના વિસ્તારમાં અરજીઓ વિગેરેના લખાણો કરવા બેસવું નહીં કે કોઈ પરવાનગી વિનાની બિનઅનધિકૃત કામગીરી કરવી નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ આ જાહેરનામા ભંગ બદલ ફરીયાદ માંડવા માટે હેડ કોન્સ્ટેબલ તથા તેની ઉપરના દરજજાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામું તા.૩-૧-૨૦૨૫ થી તા.૩૧-૩-૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહીત) અમલમાં રહેશે. આ જાહેરનામું તા.૩ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી, જાહેર જનતાને જાણ તથા અમલવારી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે અને આ જાહેરનામાનો ભંગ થયે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ છે.

# બાંટવાના સમેગા ગામેથી જાહેરમાં જુગાર રમતા ૪ ઝડપાયા, ૨ નાસી ગયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧ : બાંટવા તાબેના સમેગા ગામેથી જાહેરમાં જુગાર રમતા ૪ને બાંટવા પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સમેગા ગામે રાવલી ફળી વિસ્તારમાંથી બાંટવા પોલીસે જાહેરમાં જુગાર રમતા પારસભાઈ હીરાભાઈ કોડીયાતર, જીતુભાઈ ધીરૂભાઈ સોઢા, મનસુખગીરી ગંગાગીરી મેઘનાથી, કાલીદાસ હરીદાસ નીમાવતને રૂા.૨૨૮૦ની મતા સાથે ઝડપી લીધેલ જયારે પુના મોહનભાઈ સોઢા અને કપીલ પુના સોઢા નાસી છુટતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ બાંટવા પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢમાં મજેવડી કાંડ કેસ ૧૫૯ સામે ૬ ચાર્જશીટ રજૂ થયા : વધુ ૨ આરોપીની અટકાયત



જૂનાગઢ તા.૧૧

જૂનાગઢના ચકચારી મજેવડી કાંડમાં વધુ બે શખ્સની અટક કરવામાં આવતા અત્યાર સુધીમાં ૧૬૧ની ધરપકડ કરી જેલમાં ધકેલી દેવામાં આવ્યાં છે. શહેરમાં મજેવડી દરવાજા પાસે આવેલ દરગાહના મુદ્દે ગત તા.૧૭ જૂન ૨૦૨૩ના રોજ ટોળાએ તોફાન મચાવી વાહનોમાં તોડફોડ કરી હતી તેમજ ટોળાએ પોલીસ કાફલા ઉપર પથ્થરમારો કરી પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને ઈજા પહોંચાડી ફરજમાં રૂકાવટ હતી. આ મામલે ૫૦૦ થી ૬૦૦ લોકોના ટોળા સામે જુદી જુદી કલમ મુજબ ગુનો નોંધી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે. જે. પટેલની ટીમે તપાસ હાથ ધરીને ગણતરીના દિવસોમાં ૮ સગીર સહિત ૧૧૫ શખ્સની ધરપકડ કરી તમામને જેલમાં ધકેલી પ્રથમ ચાર્જશીટ રજૂ કર્યું હતું. આ પછી સમયાંતરે મજેવડી કાંડના આરોપીઓની ધરપકડનો સિલસિલો જારી રાખી એલસીબીએ નાસતા ફરતા ૧૫૯ શખ્સની ધરપકડ કરી અત્યાર સુધીમાં કોર્ટ સમક્ષ ૬ ચાર્જશીટ રજુ કર્યા હતા. દરમ્યાન એસએમસીની ટીમે મજેવડી કાંડમાં સંડોવાયેલ જૂનાગઢનાં વધુ બે શખ્સોને ઝડપી લઈ એલસીબીનાં હવાલે કરતાં ધરપકડનો આંક ૧૬૧ ઉપર પહોંચ્યો છે. આ અંગે ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે. જે.પટેલએ જણાવ્યું હતું કે, શહેરના મજેવડી દરવાજા ખાતેની દોઢ વર્ષ પહેલાની ઘટનામાં ૫૦૦ થી ૬૦૦ લોકોના ટોળા સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. જેમાં મોટાભાગનાં આરોપીના પુરતા નામ ન હોય છતાં અત્યાર સુધીમાં સગીર આરોપીઓ સહિત ૧૬૧ શખ્સની ધરમપકડ કરી લેવામાં આવી છે. જેમ જેમ આરોપી ઝડપાતા જાય તેમ કોર્ટમાં આજ સુધીમાં કુલ ૧૫૯ વિરૂદ્ધ ૬ ચાર્જસીટ રજૂ કરી દેવામાં આવ્યાં છે.

### વિસાવદરમાં છે કરતા નથીની સંખ્યામાં વધારો

# પ્રાંત અધિકારી, ટીડીઓ, ધારાસભ્ય તથા સરકારી હોસ્પિટલમાં ડોક્ટરો વગર ગાડુ ગબડાવાય છે

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૧

વિસાવદર, જૂનાગઢ જિલ્લામાં વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટો તાલુકો હોવા છતાં જાણે કે ગુજરાતના કે ભારતના નકશામાં વિસાવદર આવતું ન હોય તે રીતે આ તાલુકામાં છે તેના કરતાં વધારે નથી તેવી સ્થિતિ ઉભી થયેલ છે આ તાલુકામાંપ્રાંત અધિકારી, ટીડીઓ, ધારાસભ્ય તથા સરકારી હોસ્પિટલમા ડોકટરો, ચીફ ઓફિસર વગર ગાડું ગબડા વાય છે અને દરેક જગ્યાએ ચાર્જથી જ ચલાવાઈ છે આ તાલુકો ઘણી ધોરી વગરનો હોય તેવો શબ્દપ્રયોગ પણ કરી શકાય તેમા પણ કોઈ અતિશયોકિત નથી ત્યારે આ તાલુકાના પ્રશ્ન પણ એટલા જ પેન્ડિંગ છે બની બેઠેલા નેતાઓને પોતાની પબ્લિસિટીમાં જ રસ છે. આ તાલુકામાં એસ.ટી.ના રૂટો બંધ થયા રેલવેના રૂટો બંધ થયા નવી ૧૦૦ બેડની હોસ્પિટલ માટે હજુસુધી જમીન પણ ફાળવવામાં આવેલ નથી કે માગણીના કોઈ ઠેકાણા પણ નથી. ખેર આ તાલુકાની જનતાને સહન કરવાની આદત પડી ગઈ છે.

# જૂનાગઢ જીલ્લામાં ખરીદ કેન્દ્રોની એક માસની મુદત વધારવા તેમજ બારદાનનો પુરતો જથ્થો ફાળવવા કોંગ્રેસની માંગ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમિતીના પ્રમુખ ભરતભાઈ અમીપરા અને મહામંત્રી વી.ટી. સીડાએ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને એક પત્ર પાઠવી અને જૂનાગઢ જીલ્લામાં ૯૦ દિવસના નિયત સમયગાળા દરમ્યાન ટેકાના ભાવે મગફળી ખરીદીના કેન્દ્રો ચાલે છે તેમાં દોઢ માસથી બારદાન નથી જેથી તાત્કાલીક ધોરણે બારદાનનો જથ્થો ફાળવવા અને એક માસની મુદત વધારવાની માંગણી કરવામાં આવી છે. આ પત્રમાં વધુમાં જણાવેલ છે કે, દેવાના ડુંગર નીચે દબાયેલ જગતના તાત અન્નદાતા માટે આપની રાજય સરકારએ ખેડુતોને આર્થિક રીતે પગભર કરવા તેમની રાત-દિવસની મહેનતથી જગતના તાતે પોતાના એકમાત્ર આજીવિકા સમાન ખેતીની જમીનમાં ઉત્પાદન કરેલ મગફળીના પુરતા પોષણસમ ભાવો મળે માટે જૂનાગઢ જિલ્લાના ભેસાણ, વિસાવદર, માણાવદર, વંથલી, કેશોદ, માળીયા, વિગેરે જિલ્લાના દરેક તાલુકાઓમાં રાજય સરકાર દ્વારા ખેડુતોની ટેકાના ભાવે મગફળી ખરીદવા ૯૦ દિવસના સમય મર્યાદામાં કેન્દ્રો શરૂ કરેલ છે તેમાં આજે ૨૦ દિવસ થી તો બારદાન નો પુરતો જથ્થો નથી જેના કારણે ખેડુતોને પહેલા ખરીદ કેન્દ્રો દ્વારા ફોન કરી બોલાવવામાં આવે છે અને ત્યારબાદ બારદાન નથી તેમ કહી રસ્તામાંથી પાછા વાળવામાં આવે છે આ રીતે જગતના તાત ખેડુતોને પરેશાન થવુ પડે છે અને આમ ને આમ જ બારદાનનો પુરતો જથ્થો ખરીદ કેન્દ્રોને ન મળવાથી કેન્દ્રોને ટેકાના ભાવે મગફળી ખરીદીની ૯૦ દિવસની મુદત પુર્ણ થઈ જશે અને ૬૫% જેટલા ખેડુતોની મગફળી પડી રહેશે અને તે જગતનાતાત ખેડુતો ટેકાના ભાવના લાભથી વંચિત રહેશે જેથી આ બાબતે તાત્કાલીક અસરથી યોગ્ય કરવા રજુઆત સાથે માંગણી કરવામાં આવી છે.

# વિસાવદરમાં વસ્તી વધી, વિસ્તાર વધ્યા છતાં પોસ્ટમેન ઘટ્યા : ટિમ ગબ્બર કાળઝાળ

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૧

ટિમ ગબ્બર ગુજરાતના કે.એચ. ગજેરા તથા નયનભાઈ આર. જોશી એડવોકેટ વિસાવદર દ્વારા જનરલ મેનેજરપોસ્ટવિભાગ, જૂનાગઢ, કલેકટર, જૂનાગઢ, સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીઝ, જૂનાગઢ, પોસ્ટ માસ્ટર જનરલ PMG રાજકોટ, ચીફ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ગુજરાત રાજ્ય, અમદાવાદ વિગેરેને લેખીત રજુઆત કરી જણાવેલ છે કે, વિસાવદર સિટીમાં પોસ્ટ ઓફિસમાં છેલ્લા ઘણા સમયથી પોસ્ટ માસ્તરની તથા કલાર્કની અને પોસ્ટમેનોની જગ્યાઓ ખાલી છે. આ બાબતે અવારનવાર રજૂઆતો કરવા છતાં પણ પોસ્ટ ઓફિસમાંપોસ્ટમાસ્તર, કલાર્ક, પોસ્ટમેનની જે જગ્યાઓ ખાલી છે ત્યાં કોઈની નિમણુંક કરવામાં આવતી નથી અને અગાઉ આ પોસ્ટઓફિસમાં ચારેક પોસ્ટમેન હતા ત્યારબાદ વસ્તી અને વિસ્તારમાં ઘણો મોટો વધારો થયેલ છે પરંતુ અહીંની કચેરીના કામગીરીના પ્રમાણમાં પોસ્ટમેનની નિમણુંક કરવામાં આવેલ નથી અને તેના કારણે વિસાવદર શહેરની પ્રજાને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

જ્યારે એક પોસ્ટમેન કે અન્ય કર્મચારી બીમાર હોય કે રજા ઉપર હોય ત્યારે લોકોને પોસ્ટ કરેલી અગત્યની પોસ્ટ કે કવરોની ડિલિવરી થઈ શકતી નથી અને ઓફિસનો તમામ વહીવટ ખોરંભે પડતો હોય આવી ફરિયાદો અનેકવાર ઉઠવા છતાં પણ આ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવતું નથી તેથી વહેલમાં વહેલી તકે પોસ્ટમાસ્તર તથા સ્ટેન્થ મુજબના જરૂરી કલાર્ક તથા ૪ થી ૫ પોસ્ટમેનની નિમણુંક તાત્કાલિક કરવામાં આવે તેવી અમારી ટિમ ગબ્બરની માંગણી સાથે રજુઆત છે. તેમના જણાવ્યા અનુસાર વિસાવદર શહેરની વસ્તી વધી, વિસ્તારો વધ્યા કામગીરી વધી લોકોની જરૂરિયાતો વધી છતાં પોસ્ટમેનની સંખ્યા વધારવાના બદલે બે પોસ્ટમેન ઘટાડી દેવાતો લોકોમાં પોસ્ટઓફિસ સામે આક્રોશ ફાટી નીકળ્યો છે અને આંદોલન થાય તે પહેલાં તાત્કાલિક પોસ્ટમેન તથા જરૂરી સ્ટાફ ફાળવવા રજુઆત કરાઈ છે અને રજુઆતમાં જણાવેલ છે કે, અમારી ઉપરોકત રજુઆત લાગુ પડતા વિભાગોમાં કરી કરાવી આ ફરિયાદ અન્વયે કરેલી કાર્યવાહીનો લેખિત જવાબ નાગરિક અધિકાર પત્ર અન્વયે ટિમ ગબ્બરના સરનામે મોકલી આપવા અરજ કરેલ હોવાનું ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદરના ધારાશાસ્ત્રી નયનભાઈ જોશીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢનાં દામોદર કુંડ નજીક વિખૂટા પડેલા સિંહ બાળનું વન વિભાગે માતા સાથે મિલન કરાવ્યું

જૂનાગઢ તા.૧૧

ગત મોડી રાત્રે ભવનાથ વિસ્તારમાં દામોદર કુંડ નજીક એક સિંહ પરિવાર રોડ ક્રોસ કરતા જોવા મળ્યો. સિંહ, સિંહણ અને તેમના બાળ સાથે રોડ પાર કરતી વખતે સિંહ બાળ વિખૂટું પડી ગયું, જેને કારણે વન વિભાગને તાત્કાલિક કામગીરી હાથ ધરી સિંહ બાળનું માતા સાથે મિલન કરાવ્યું હતું. શિયાળાની ઠંડીમાં ભવનાથ વિસ્તારમાં લોકોની અવરજવર વધુ હોય છે. સિંહ પરિવારની હાજરીની જાણ થતાં જ અનેક લોકો તેમને જોવા માટે એકઠા થયા. આ પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા વન વિભાગ અને પોલીસે સંયુક્ત કામગીરી કરી, ટ્રાફિક વ્યવસ્થા સંભાળી અને લોકોને યોગ્ય અંતર જાળવવા સૂચના આપી હતી. વન વિભાગના અધિકારી અરવિંદ ભાલીયાના જણાવ્યા મુજબ, ગિરનાર જંગલમાં વસતા સિંહો ક્યારેક રોડ વિસ્તારમાં આવી જતા હોય છે. વન વિભાગની ટીમે સિંહ પરિવારને કોઈપણ પ્રકારની ખલેલ ન પહોંચે અને તેઓ સલામત રીતે જંગલમાં પરત ફરી શકે તે માટે સતત નિરીક્ષણ કર્યું. વિશેષ કરીને વિખૂટા પડેલા સિંહ બાળને તેની માતા સાથે મિલન કરાવવાની કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

# જૂનાગઢમાં રોટરી કલબ દ્વારા કન્ઝયુમેલાનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

રોટરી કલબ ઓફ જૂનાગઢ દ્વારા ગઈકાલ તા.૧૦ જાન્યુઆરીના શુક્રવારના રોજ કન્ઝયુમેલા અને એજયુકેશન ફેરને જૂનાગઢની જાહેર જનતા માટે ખુલ્લો મુકાયો હતો. આ કન્ઝયુમેલાનું ઉદઘાટન જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નર ડો. ઓમપ્રકાશના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે મંગલમૂર્તિ ટ્રસ્ટના બાળકો અને ધીરૂભાઈ પટેલ તથા રતિભાઈ મારડીયા તથા આસી. કમીશ્નર(ટેક્ષ) ટોલીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. રોટરી કલબ ઓફ જૂનાગઢ દ્વારા સતત છેલ્લા ૧૮ વર્ષથી કન્ઝયુમેલાનું સફળ આયોજન કરવામાં આવે છે. જેમાં ભારત ભરની જુદી જુદી અવનવી કન્ઝયુમર પ્રોડકટના અંદાજે ૯૨ જેટલા સ્ટોલ સામેલ છે. તદઉપરાંત એજયુકેશન ફેરમાં પણ જુદી જુદી યુનિવર્સિટી ભાગ લે છે. આમ જૂનાગઢની જનતાને અનેક નવીનતમ Productનું નઝરાણું મળે છે. આ તકે રોટરી કલબ ઓફ જૂનાગઢના પ્રમુખ મનસુખભાઈ કયાડાએ જૂનાગઢની જાહેર જનતાને ખાસ અનુરોધ કર્યો છે કે આ વિશિષ્ટ આયોજનનો બહોળા પ્રમાણમાં લાભ લે. આ કન્ઝયુમેલા તા.૧૦ થી તા.૧૩ જાન્યુઆરી સવારે ૧૦ થી રાત્રે ૧૦ સુધી ખુલ્લો રહેશે. આ કન્ઝયુમેલાના આયોજનને સફળ બનાવવા પ્રમુખ મનસુખભાઈ કયાડા, સેક્રેટરી હેમાંગભાઈ શાહ, વિજયભાઈ, ગીરીશભાઈ તથા રોટરી કલબના તમામ સભ્યો ખુબ જહેમત ઉઠવી રહ્યા છે.

# વેરાવળમાં શ્રી હાલાઈ લોહાણા મહાજન દ્વારા આવતીકાલે વિદ્યાર્થી સન્માન સમારોહ

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૧૧

વેરાવળમાં શ્રી હાલાઈ લોહાણા મહાજન દ્વારા આગામી તા.૧૨ના રવિવારે સમાજના તેજસ્વી વિધાર્થી ભાઈ-બહેનોને સન્માનીત કરવા માટે સરસ્વતી સન્માન સમારોહ ૨૦૨૩-૨૪નું આયોજન કરવામાં આવેલ છે. વેરાવળ સોમનાથ વિસ્તારમાં વસતા લોહાણા સમાજના તેજસ્વી વિધાર્થી ભાઈ-બહેનોને સન્માનીત કરવા શ્રી હાલાઈ લોહાણા મહાજનના પ્રમુખ વિક્રમભાઈ તન્ના તથા ઉપપ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયા સહીત કારોબારી સભ્યો અને શિક્ષણ સમિતિના નેજા હેઠળ સરસ્વતી સન્માન સમારોહ ૨૦૨૩-૨૪નું આયોજન આગામી તા.૧૨-૧-૨૦૨૫ ને રવિવાર બપોરે પાંચ કલાકે શ્રી લોહાણા મહાજન વાડી, સટ્ટા બજાર વેરાવળ ખાતે કરવામાં આવેલ છે. આ સરસ્વતી સન્માન સમારોહમાં દર વર્ષની પરંપરા મુજબ ગુરૂ શિરોમણી એવોર્ડથી સન્માનિત થનાર શિક્ષકોમાં (૧) ઈન્દુબેન કાંતિલાલ છગ, (૨) પરેશકુમાર જગજીવનદાસ કારીયા, (૩) નિલમબેન કિરીટભાઈ વસંતનું સન્માન કરવામાં આવનાર છે. જયારે કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પોરબંદર જિલ્લા વિકાસ અધિકારી કેતનભાઈ બી. ઠક્કર તથા સ્ટેટ ઈન્ફોર્મેશન-ઈન્ફોર્મેશન કમિશન ગુજરાત રાજયના ભરતભાઈ જમનાદાસ ગણાત્રા અને પૂર્વ અધિક નિયામક ઉચ્ચ શિક્ષણ અને અધિક કલેક્ટર તથા પૂર્વ ડે.કમિશનર વડોદરા પંકજભાઈ ઓંધિયા અને કન્યા કેળવણીકાર તેમજ પૂર્વ ગ્રહમાતા સ્વ.હીરજી વલ્લભદાસ પોપટ લોહાણા કન્યા છાત્રાલય જામનગરના ભાવનાબેન આર પોપટ સહીતના ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમમાં જે વિધાર્થીઓએ અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેઓએ તા.૧૨ ના ઉપસ્થિત રહી સન્માનિત થવા હાજર રહેવા શિક્ષણ સમિતિ દ્વારા અનુરોધ કરેલ છે. આ કાર્યક્રમની સાથે થેલેશેમિયા બાળકોના લાભાર્થે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી રકતદાન કેમ્પનું આયોજન પણ કરવામાં આવેલ છે જેમાં રકતદાન કરવા માટે અગાઉથી નામ નોંધાવા મો.નં. ૯૮૯૮૦ ૪૨૦૪૨ ઉપર અનીશ રાચ્છનો સંપર્ક કરવા જણાવેલ છે.


**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

એન્જીનિયરીંગ કામના સંબંધમાં

સિગ્નલીંગ કામ

**ઈ-ટેન્ડર નોટીસ નં.** ડીઆરએમ-આરજેટી-24-25-SnT-E-13, તા.07-01-2025. **ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-24-25-SnT-E-13. તા.07-01-2025.** **કામનું નામ:** રાજકોટ ડિવિઝન-(1) રાજકોટ-ઓખા-CTR(P)-11.568 Tkm, TRR (P)- 22.212 Tkm અને TSR(P) -26.80 Tkm. (2) કાનાલુસ-સીક્કા-TRR (S)-1.550 TKm અને ઓખા-TRR(S)-9.131 Tkm (કુલ - 10.681 Tkm). (3) સુરેન્દ્રનગર-રાજકોટ (DN)-CTR(P)-9.793 Tkm, TRR (P)-10.614 Tkm અને TSR(P)-3.750 Tkm. (4) રાજકોટ ડિવિઝન - TTR (CS+ CMSC) 19 સેટ્સ (5) રાજકોટ ડિવિઝન - TBR 58.379 Tkm (TL),TBR 4.278 Tkm (લૂપ લાઈન) અને 24 નંગ (P&C) નું TBR - એન્જીનિયરીંગ કામના સંબંધમાં સિગ્નલીંગ કામ. **ટેન્ડર પડતર:** ₹ 86,23,140.65/- (રૂા. છયાંસી લાખ ત્રેવીસ હજાર એક સો ચાળીસ અને પૈસા પાંસઠ માત્ર) **અર્નેસ્ટ મની ડિપોઝીટ:** ₹ 1,72,500.00/- (રૂા. એક લાખ બોંત્તેર હજાર પાંચ સો માત્ર) **ટેન્ડર ફોર્મ ફી:** પેરા-3, GCC-જુલાઈ-2022 મુજબ ₹ 00.00 (શુન્ય) **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય:** તા.06-02-2025 ના 15:30 કલાક સુધી. **ઓફીસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (S&T), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360 001. વેબસાઈટ- www.ireps.gov.in

RJT-149

અમને ફોલો કરો: twitter.com/WesternRly


# અનઅધિકૃત વાહનોમાં લગાડેલ LED હેડ લાઈટ દુર કરાવી વાહનોમાં રિફલેકટર્સ લગાવાયા

(પ્રતિનિધિ દ્વારા)

ગોસા(ઘેડ) તા.૧૧

માર્ગ સલામતી માસ ઉજવણી થઈ રહી ત્યારે પોરબંદર જીલ્લામાં હાઈવે ઉપર વાહન અકસ્માતો ઘટાડવા જરૂરી માર્ગ દર્શન આપવા માટે પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓએ પોરબંદર જિલ્લા ટ્રાફિક પીએસઆઈ કે.એન.અઘેરાનાઓને સૂચના તથા જરૂરી માર્ગ દર્શન આપેલ હોય જે અનુસંધાને માર્ગ સલામતી માસની ઉજવણી નિમિત્તે ગઈ કાલે પોરબંદર શહેરમાં બોખિરા ત્રણ માઈલ પાસે ટ્રાફિક અવરનેશ કરવામાં આવેલ. જેમાં વાહન અકસ્માત અટકાવવા ના હેતુથી વાહનનો ઉપર અન અધિકૃત રીતે લગાવવામાં આવેલ LED હેડ લાઈટ દૂર કરવામાં આવેલ તેમજ વાહન ચાલકો ને મોટર વ્હીકલ એક્ટ કાયદાની જાણકારી આપી અને ટ્રાફિક ના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા સમજાવેલ. હાઈવે ઉપર રોંગ સાઈમાં વાહનો ચલાવાવ, રિફલેકટર્સ વગરના વાહનો, એલ.ઈ.ડી.હેડ લાઈટ રાખવી વિગેરે ટ્રાફિક નિયમોના ભંગ કરતા વાહન ચાલકો વિરૂદ્ધ ટ્રાફિકના નિયમો મુજબ પગલાં ભરવામાં આવતા હોય ત્યારે પોલીસ દ્વારા દંડનિયય થતી કાર્યવાહીથી બચવા અંગે જરૂરી માહિતી આપી આપેલ હતી. આ ઉપરાંત વાહનોમાં રિફલેકટર્સ લગાવવાની સમજ કરવામાં આવેલ હતી.

પોરબંદર જીલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચાલકોને પોતાના વાહનો રોંગ સાઈડમાં ન ચલાવવા તેમજ વાહનોમાં લગાવેલ એલ.ઈ.ડી. લાઈટ સ્વેચ્છાએ દૂર કરવા અપીલ કરવામાં આવેલ હતી.

આગામી દિવસોમાં વાહન ચેકિંગ દરમ્યાન એલ.ઈ.ડી. હેડ લાઈટ વાળા વાહનો મળી આવ્યે પોલીસ દ્વારા દંડનિય કાયદેસર કાર્યવાહી કરી એલ.ઈ.ડી. લાઈટ દૂર કરવામાં આવશે તો તેનાથી બચવાં LED હેડ લાઈન વાહન ચાલકોએ ન લગાડવા અને લગાડેલ હોય તો દૂર કરવા સમાંજ કરેલ.

# પોલીસની ભરતી પરીક્ષામાં ફેલ થતા બાંટવાના દગડ ગામનાં યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧ : બાંટવાના દગડ ગામે રહેતો યુવાન પોલીસની ભરતી પરીક્ષામાં ગ્રાઉન્ડ દોડવામાં ફેલ થતા લાગી આવતા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરીવારજનોમાં કલ્પાંત મચી જવા પામ્યો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બાંટવા પોલીસ મથકે મનીષભાઈ હમીરભાઈ કાનગડે જાહેર કરેલ કે પોતાનો મૃતક ભાઈ પરેશભાઈ(ઉ.વ.૨૯) પોલીસની પરીક્ષાની તૈયારી કરતો હોય અને ગત તા.૯-૧-૨૫ના પોલીસનું ગ્રાઉન્ડ હોય તે ગ્રાઉન્ડ દોડવામાં ફેલ થયેલ હોય જે વાતનું લાગી આવતા પોતે પોતાની મેળે બાવડના ઝાડ સાથે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.


**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

Kelvinator

**બીના ઈલેક્ટ્રોનિક્સ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



**ધમાકા એક્ષચેન્જ ઓફર**

**તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ**

**આ ઓફર ટુંક સમયમાં માટે જ છે**

બેડરૂમ સેટ

મોડયુલર કિચન

સોફા સેટ

ઓફીસ ફર્નિચર

આકર્ષિત પડદા

વોલપેપર

PARDAWALA

✦ શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?

✦ શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?

✦ શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?

✦ શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

**જો હા... તો હવે**

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફનિર્ચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

**સી.સી. પડદાવાલા**

તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)



PGVCL

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. વર્તુળ કચેરી, જુનાગઢ

જાહેર વિદિતા

fi[n: 0285- 2622167/2622176 f[ks 0285-2657695

www.pgvcl.com

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, વર્તુળ કચેરી – જુનાગઢ તરફથી ઉતરાયણ નિમિતે સલામતીનો સંદેશ**

માનવંતા ગ્રાહકો તથા જાહેર જનતાને ઉત્તરાયણ પૂર્વ ઉત્સાહ અને વીજ સલામતી પૂર્વક ઉજવવા તથા વીજ અકસ્માત નિવારવા માટે પતંગ ચગાવતી વખતે નીચે જણાવેલ વિગતો /મુદ્દાઓ અવશ્ય ધ્યાનમાં રાખવા નમ્ર વિનંતી છે.



- પતંગ કે દોરી વીજળીના થાંભલા કે તારમાં ફસાઈ જાય તેને લેવા માટે થાંભલા પર ચઢશો નહી. વીજળીના તાર કે કેબલને અડકશો નહિ.
- વીજળીના વાયર કે તાર ઉપર પડેલ પતંગ લેવા લંગર નાખશો નહી. તેમ કરવાથી વીજળીના તાર ભેગા થતાં મોટા ભડાકા થવાની, તાર તુટી જવાની, અકસ્માત થવાની તેમજ વીજ વપરાશના સાધનો (ઉપકરણો) બળી જવાની સંભાવના રહે છે.
- થાંભલા કે વીજળીના તારમાં અથવાતો વીજળીના તાર નજીકના ઝાડમાં અટવાયેલા પતંગ લેવા માટે તાર કે લોખંડના સળીયાનો ઉપયોગ જીવલેણ નીવડી શકે છે.



- ધાતુના તાર કે મેગ્નેટિક ટેપ બાંધીને પતંગ ઉડાડશો નહી, તેમ કરવાથી વીજળીના તારને અડકતા વીજળીનો આંચકો લાગવાની અને અકસ્માતની સંભાવના છે.
- નજીવી કિંમતના પતંગ માટે આપની અણમોલ કિંમતી જીદગી જોખમમાં ના મુકાય તેનો ખ્યાલ રાખો.
- ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવો નહી, તેનાથી વીજળીના વાયર કપાઈ શકે છે, જેથી અંધારપટ તેમજ વીજ અકસ્માત થઈ શકે છે.
- વીજ માળખાને લગતી કોઈ પણ ફરીયાદ નોંધવા માટે નીચેના ટોલ ફ્રી નંબર નો ઉપયોગ કરવો.

૧૯૧૨૨ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩

ઉપરોકત સુચનો યાદ રાખી અકસ્માત ન સર્જાય તેની સાવચેતી રાખશો તથા આપના બાળકોની સાથે રહી, સંપૂર્ણ સલામતી સાથે ઉત્તરાયણનો ઉત્સવ ઉમંગથી ઉજવશો તેવી શુભેચ્છા.

અધિક્ષક ઈજનેરશ્રી
પી.જી.વી.સી.એલ.,જુનાગઢ

!! સાવચેતી એ જ સલામતી !!

## શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ

# જૂનાગઢ જીલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૨,૧૯,૫૮૫ બાળકોનું હેલ્થ સ્કીનીંગ કરવામાં આવ્યું

**ભાવિ પેઢીના આરોગ્યની દરકાર : ૬૬૯૪૦ બાળકોને સ્કીનીંગ બાદ સ્થળ ઉપર જ પ્રાથમિક સારવાર આપવામાં આપવામાં આવી : કિડની, લીવર અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ જેવી ખર્ચાળ સર્જરીનો પણ સંપૂર્ણપણે નિઃશુલ્ક લાભ : જીલ્લામાં ૧૯ RBSK મોબાઈલ હેલ્થ ટીમ કાર્યરત**

જૂનાગઢ,તા.૧૧

જૂનાગઢ જિલ્લામાં શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત ૦ થી ૧૮ વયના કુલ ૨,૧૯,૫૮૫ બાળકોની આરોગ્યની તપાસણી કરવામાં આવી છે. આમ, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ બાળકોના વાલીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે.

રાજય સરકાર દ્વારા બાળકોને ઉત્તમ શિક્ષણ મળે તેની સાથે સાથે સ્વસ્થ આરોગ્ય મળે તેની પણ દરકાર કરી રહી છે. શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૪ -૨૦૨૫ માં જૂનાગઢ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા કુલ ૨,૧૯,૫૮૫ બાળકોની આરોગ્ય તપાસણી આંગણવાડી, શાળાની મુલાકાત લઈ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમની મોબાઈલ હેલ્થ ટીમના મેડિકલ ઓફિસર અને પેરામેડિકલ સ્ટાફ દ્વારા કરવામાં આવી છે. આ કાર્યક્રમ અન્વયે આરોગ્ય વિભાગ દ્વારા સૌપ્રથમ દરેક બાળકોનું પ્રાથમિક સ્ક્રિનિંગ કરીને સામાન્ય બીમારીવાળા કુલ ૬૬૯૪૦ બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવી છે. તેમાંથી ગંભીર બીમારી ધરાવતા બાળકો કે જેમા હૃદયની બીમારીવાળા ૭૮ બાળકોને યુ.એન. મહેતા હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ, કિડનીની બીમારીવાળા ૧૪ બાળકોને ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, કેન્સરની બીમારીવાળા ૧૩ બાળકોને ધી ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટયુટ અને બહેરા મુંગા ૪ બાળકોને સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે, ક્લેફ્ટ કલીપ અને પેલેટની ખામીવાળા ૧૨ બાળકોને મિશન સ્માઈલ ટ્રેન અંતર્ગત ધ્રુવ હોસ્પિટલ રાજકોટ ખાતે તેમજ કલબફુટની ખામીવાળા ૪૦ બાળકોને સિવિલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે સંદર્ભ સેવા હેઠળ રિફર કરી મફત સારવાર કરવામાં આવેલ છે. ઉપરોક્ત સમગ્ર કામગીરી જિલ્લા વિકાસ અધિકારીશ્રી નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા જિલ્લા આરસીએચ અધિકારી તથા તેમની ઈમ્જીદ્ધ ટીમ દ્વારા પૂર્ણ કરવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લામાં કુલ ૧૯ જેટલી ઈમ્જીદ્ધ(રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ) મોબાઈલ હેલ્થ ટીમો કાર્યરત છે.દરેક ટીમમાં બે આયુષ ડોક્ટર એક ફાર્માસીસ્ટ અને એક સ્ત્રી આરોગ્ય કાર્યકરનો સમાવેશ થાય છે. જે બાળકની સારવાર બાદ ફોલો અપ લે છે. સાથે જ બાળકની યોગ્ય સારવાર માટે મદદરૂપ થાય છે.

**કેશોદની ૪ મહિનાની બાળકીને હૃદય રોગમાં મળી વિનામૂલ્યે સારવાર**

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની ટીમ દ્વારા કેશોદ અર્બન વિસ્તારની આંગણવાડીની મુલાકાત દરમ્યાન ૪ મહિનાની બાળકીની આરોગ્ય તપાસ કરતા હૃદય રોગની બીમારી જણાઈ હતી. જેથી બાળકીને વધુ સારવાર માટે જૂનાગઢ અને ત્યાર પછી ઓપરેશન માટે અમદાવાદ રીફર કરવામાં આવી હતી. અમદાવાદ ખાતે એક મહિનાની દવા – સારવાર બાદ તાજેતરમાં આ બાળકીનું સફળતાપુર્વક ઓપરેશન કરાયું હતું. હાલ બાળકીની તબિયત એકદમ સ્વસ્થ છે. આમ, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અન્વયે હૃદય રોગ જેવી ગંભીર બીમારીમાં આ ચાર મહિનાની બાળકીને નવજીવન મળ્યું છે.

**શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ**

શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત રાજયના ૦ થી ૧૮ વર્ષના તમામ બાળકોનું સ્વાસ્થ્ય અને આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર





બાળકોની આરોગ્ય તપાસણી અને સારવાર અને રેફરલ સેવાઓ રાજય સરકાર તરફથી પુરી પાડવામાં આવે છે. શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ હેઠળ નિર્ધારીત પ્લાન મુજબ નવજાત શિશુ થી ૬ વર્ષના આંગણવાડીના બાળકો, ધો.૧ થી ૧૨ માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ, ૧૮ વર્ષ સુધીના શાળાએ જતાં અને ન જતાં બાળકો, આશ્રમશાળા, મદ્રેસા, ચિલ્ડ્રન હોમના બાળકોને આર.બી.એસ.કે. મોબાઈલ હેલ્થ ટીમ દ્વારા નિયમિત રીતે તમામ બાળકોની આરોગ્ય ચકાસણી અને સંદર્ભ સેવા દ્વારા સારવાર પુરી પાડવામાં આવે છે.

આ કાર્યક્રમમાં બાળકોની આરોગ્ય તપાસ અને સારવારની સાથે બાળકોના આરોગ્ય પર અસર કરતાં અન્ય પરિબળો અને પર્યાવરણનું પણ ધ્યાન રાખવામાં આવે છે. વધુમાં શાળાની સફાઈ પીવાના પાણીના સ્ત્રોતની સફાઈ, પોષણ યુક્ત આહાર માટેની જનજાગૃતિ, નિયમિત આરોગ્ય તપાસ, ઔષધિય રોપાઓનું વૃક્ષારોપણ, આઈ.એફ.એની દવાઓ સપ્લીમેન્ટેશન પ્રોગ્રામ, આરોગ્ય શિક્ષણ અને વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થ કાર્ડ વગેરે જેવી વિવિધ પ્રવૃત્તિઓ પણ હાથ ધરાતી હોય છે.

અત્રે ઉલ્લેખની છે કે, શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત હૃદય સંબંધિત સર્જરી અને સારવાર, કિડની સારવાર, કિડની - ટ્રાન્સપ્લાન્ટ, કેન્સર સારવાર, લીવર ટ્રાન્સપ્લાન્ટ, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી, ક્લબ ફૂટ અને ક્લેફ્ટલિપ પેલેટ જેવી સુપર સ્પેશીયાલીટી સારવાર અને સર્જરી કરવામાં આવે છે.

**ખાસ લેખ સંકલન- ક્રિષ્ના સિસોદિયા**

# જૂનાગઢ શહેર અને જીલ્લાકક્ષાનો કલા મહાકુંભ કાર્મેલ કોન્વેન્ટ સ્કુલ ખાતે યોજાશે

જૂનાગઢ, તા. ૧૧

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર આયોજીત, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ સંચાલીત જૂનાગઢ શહેર જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ ૨૦૨૪-૨૫ તા.૧૮/૧/૨૦૨૫ના રોજ તથા જૂનાગઢ ગ્રામ્ય જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ ૨૦૨૪-૨૫ તા.૧૯/૧/૨૦૨૫ના રોજ કાર્મેલ કોન્વેન્ટ સ્કૂલ, સી. ડીવીઝન પોલીસ સ્ટેશન પાસે, ગાંધીગ્રામ , જૂનાગઢ ખાતે સવારે ૮-૩૦ કલાકથી યોજાનાર છે. જેમાં ઝોન/ તાલુકાકક્ષાની કૃતિઓના (વકતૃત્વ, નિબંધ લેખન, ચિત્રકલા, ભરતનાટ્યમ, એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, રાસ, ગરબા, સુગમ સંગીત, લગ્નગીત, સમુહગીત, લોકગીત/ભજન, તબલાં, હારર્મોનિયમ (હળવું) ) પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકો તેમજ સીધી જિલ્લાકક્ષાની ( કાવ્ય લેખન, ગઝલ શાયરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઈ, સર્જનાત્મક કારીગરી, સ્કુલબેન્ડ, ઓરગન, કથ્થક, શાસ્ત્રીય કંઠય સંગીત(હિન્દુસ્તાની) ) કૃતિઓના ફોર્મ નિયત સમયમાં અત્રેની કચેરીએ પહોચાડેલ હોય તેઓએ અત્રે કરેલ રજીસ્ટ્રેશનની ખાતરી કરી આ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે. વકતૃત્વ સ્પર્ધાના વિષયો સ્પર્ધાના ૨૪ કલાક અગાઉ સંબંધીત ઝોન/તાલુકા કલામહાકુંભ કન્વીનર પાસેથી મેળવી લેવાના રહેશે. વધુ માહિતી માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, બ્લોક નં ૧/૧, બહુમાળી ભવન, સરદારબાગ, જુનાગઢ ફોન નં. ૦૨૮૫ ૨૬૩૦૪૯૦ ઉપર સંપર્ક કરવાનો એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

# જૂનાગઢ જીલ્લામાં વાહનોમાં નંબર પ્લેટ ફીટમેન્ટ કરવા અર્થે SIAMના કોમન પોર્ટલ HSRP બુકીંગ સુવિધા ઉપલબ્ધ

**વાહન માલિકો SIAM દ્વારા વેબસાઈટ ઉપર નોંધણી કરાવી HSRP બુકીંગ કરી શકશે**

જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢ જિલ્લામાં વાહનોમાં **High Security Registration Plate (HSRP)** ફીટમેન્ટ અર્થે **Sociy of Indian Automobile Manufacturer (SIAM)**ના કોમન પોર્ટલ પર સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

જે માટે વાહન માલિક દ્વારા સૌપ્રથમ **www.slam.in** વેબસાઈટ પર જવાનું રહેશે. બાદમાં વેબ સાઈટ ઉઁદ્વીઁટ્નક્ષ્મી પર **"Book HSRP** નાં ટેબ ઉપર ક્લિક કરવું, ત્યારબાદ અરજદારને તેઓનું નામ, મોબાઈલ નંબર, રાજ્યનું નામ, વાહન નંબર, ઈ-મેઈલ વગેરે વિગતો ભરી સબમિટ ટેબ પર ક્લિક કરવાનું રહેશે.

સબમિટ ટેબ પર ક્લિક કર્યા બાદ નવું પેજ ખુલશે. જેમાં અરજદારે તેઓના વ્હીકલ ટાઈપ **(2 Wheeler, 3 Wheeler, Auto Rickshaw, Bus** વગેરે) સિલેક્ટ કરવાનો રહેશે. વ્હીકલ ટાઈપ સિલેક્ટ કર્યા બાદ જે તે પેજ પર અરજદાર પાસે પોતાના વાહનના ઉત્પાદકને સિલેકટ કરવાનું ઓપ્શન આવશે. જે તે ઉત્પાદક દ્વારા અધિકૃત કરવામાં આવેલા **HSRP OEM** નાં પોર્ટલ તથા **Re-Direct** કરવામાં આવશે. અરજદારે સબંધિત **HSRP OEM** નાં પોર્ટલ ઉપરથી વિગતો ભરી જરૂરી ફી ભરી **HSRP** નો ઓર્ડર બુક કરી શકાશે. ત્યારબાદ એપોઈનમેન્ટ મેળવી **HSRP** ફીટમેન્ટની પ્રક્રિયા પૂર્ણ કરી શકાશે.

અત્રે નોંધનીય છે કે, કેટલાંક કિસ્સામાં જયારે વાહનના ઉત્પાદક દ્વારા જે તે વાહનનું ઉત્પાદન બંધ કરવામાં આવ્યું હોય તેવા વાહનો જેમાં **HSRP** નું ફીટમેન્ટ ક્યાં કરાવવું તે બાબતે મૂંઝવણ રહેતી હોય છે. આ પ્રકારના કિસ્સામાં પણ અરજદાર **SIAM** નાં આ કોમન પોર્ટલનો ઉપયોગ કરી **HSRP** ફીટમેન્ટની કાર્યવાહી કરી શકે છે તેમ પ્રાદેશિક વાહન વાહન વ્યવહાર અધિકારી જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં રસાયણશાસ્ત્રમાં અભ્યાસપુર્ણ કરનાર યુવાઓનું રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનાં ન્યુ એનર્જી બીઝનેશ વિભાગમાં પ્લેસ્મેન્ટ

**રસાયણશાસ્ત્ર વિભાગનાં વડા અને યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) અતુલ બાપોદરા અને ડો. આર.પી.ભટ્ટ પાસે વિદ્યાભ્યાસ કરનાર યુવાઓની ઉજ્જવળ કારકિર્દી**

જૂનાગઢ, તા.૧૧

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં અનુસ્નાતક ભવનો અને સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરની ઉજળી તકો પુરી પાડતી સંસ્થાઓ સંપર્ક કરતી હોય છે. ત્યારે તાજેતરમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં અનુસ્નાતક ભવનનાં ૧૦ વિદ્યાર્થીઓ અને બહાઉદ્દિન સાયન્સ કોલેજનાં ૫૭ છાત્રોને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનાં ન્યૂ એનર્જી બીઝનેશ વિભાગ દ્વારા પ્લેસમેન્ટ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં પ્લેસમેન્ટ સેલનાં સંકલનકાર ડો. વિનીત વર્માએ વિગતો આપતા જણાવ્યુ હતુ કે યુનિ.નાં વિદ્યાભવનોનાં વિવિધ ભવનોમાં અનુસ્નાતક કક્ષાએ ઉચ્ચ અભ્યાસ કરતા યુવાઓ અને ભક્તકવિ નરસિંહમહેતા યુનિ. એફીલેટેડ કોલેજોમાં અભ્યાસ પુર્ણ કરનાર વિદ્યાર્થીઓ માટે કારકિર્દી ઘડત્તરની ઉજળી તકો પુરી પાડવા અનેક ઉદ્યોગગૃહો અને નોકરીદાતાઓ પ્લેસમેન્ટ માટે સંપર્ક કરતા હોય છે.રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનાં ન્યુ એનર્જી બિઝનેશ વિભાગનાં હ્યુમન રિસોર્સ અધિકારી નયન ભટ્ટ અને ટીમ દ્વારા ભક્તકવિ નરસિંહમહેતા યુનિ.નાં રસાયણ શાસ્ત્રમાં અભ્યાસ પુર્ણ કરનાર યુવાનોને નોકરીની તકો ઓફર કરવા પસંદગી પ્રકિયા કરી હતી. કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટનાં વિભાગીય વડા પ્રો.(ડો.) અતુલ બાપોદરા અને બહાઉદ્દિન કોલેજનાં પ્રિન્સીપાલ ડો. આર.પી.ભટ્ટની નિશ્રામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ પ્રતિભાવાત્મક વાત કરતા જણાવ્યુ હતુ, કે અમોને યુનિ.નાં અધ્યાપકો દ્વારા તલસ્પર્શી દ્વારા માર્ગદર્શન અને વિદ્યાભ્યાસ કરાવાય છે. જેનાથી અભ્યાસલક્ષી સારા નોલેજનાં કારણે અમારા જેવા વિદ્યાર્થીને રોજગારીની તકો સરળતાથી મળી શકે છે.આજે રીલાયન્સ ન્યુ એનર્જી બીઝનેશની ટીમ દ્વારા થયેલ પસંદગી પ્રક્રિયામાં ભવનનનાં ૬ યુવાનો અને બહાઉદ્દીન કોલેજનાં ૨૦ વિદ્યાર્થી પસંદગીકારોની યાદીમાં શોર્ટલીસ્ટેડ થયા છે.




ભક્તકવિ નરસીંહ મહેતા યુનિ. કેમ્પસ ખાતે રીલાયન્સ ન્યુ અનેર્જી બીઝનેશ દ્વારા યોજાયેલ પ્લેસમેન્ટદરમ્યાન વિદ્યાર્થીઓ સાથે વાત કરતા કુલપતિ પ્રો.(ડો.) અતુલ બાપોદરાએ જણાવ્યુ હતુ; કે વિદ્યાર્થીઓના માતા-પિતાને સૌથી મૂંઝવતો મોટો પ્રશ્ન પોતાનાં સંતાનની કારકિર્દીની પસંદગીનો છે. બાળકને શું બનાવવો ? તેને ક્યાં પ્રવેશ મળશે ? તેનો ખર્ચ કેટલો થશે ? ભણ્યા પછી નોકરી મળશે ? આવા અનેક પ્રશ્નો મૂંઝવે છે. એટલું જ નહીં, ઉચ્ચ અભ્યાસ માટે વાલીને પૂરી જાણકારી ના હોય એવા સંજોગોમાં કરાકિર્દી ઘડવા ઈચ્છુક યુવા ખુદ તેની કારકિર્દી માટે જાગૃત, કોઈ જાણકારી કે તૈયારી ના હોય તેવા સંજોગોમાં જ્યાં પ્રવેશ મળે ત્યાં લેવો અને લક્ષ્ય માત્ર ભણવાનું રાખે છે. જીવનમાં માત્ર, ભણવું તે પૂરતું નથી... યોગ્ય કારકિર્દી બનાવવા માટે તેને અનુરૂપ કોલેજ-અભ્યાસની પસંદગી કરવાની હોય છે. પૂરતી જાણકારી ન હોવાના કારણે બીબાંઢાળ પસંદગી કરી વિદ્યાર્થીઓ ભણે અને ગ્રેજ્યુએટ થવાનું લક્ષ્ય રાખે તે કારકિર્દી ઘડતરમાં ઉણા ઉતરતા હોય એ સહજ બનતુ હોય છે. કોલેજ પૂરી કર્યા પછી શું કરીશ ? તે અંગે મોટાભાગનાં બાળકો પાસે જવાબ નથી. ઘણીવાર આ પ્રકારે યોગ્ય કારકિર્દી ઘડી શકાતી નથી, ત્યારે સરકારશ્રી દ્વારા કાર્યરત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં પ્લેસમેન્ટ સેલ અને કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટનાં ડો. નવલ કપુરીયા, ડો. રશ્મીબેન પટેલ,ડો. મનોજ ધડુક,ક્રિષ્નકુમાર કરંગીયાદ્વારા વિદ્યાભ્યાસબાદ યુવાનો માટે કારકિર્દી ઘડતરની ખેવના કરવામાં આવે છે.

## જૂનાગઢની નિરૂપા સોઢાતરે ચિત્રકલા ક્ષેત્રે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો

જૂનાગઢ, તા.૧૧



જૂનાગઢના જાણીતા ચિત્રકાર રજનીકાંત અગ્રાવતના માર્ગદર્શન હેઠળ ચિત્રકલા ક્ષેત્રે જૂનાગઢના નિરૂપાબેન સોઢાતર કે જેમણે ખૂબ જ ઓછા સમયમાં ચિત્રકલાની તાલીમ લઈ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે જેમના ચિત્રોનો ગ્રુપ શો જૂનાગઢ, ભાવનગર, સુરત, ટોંક રાજસ્થાન ખાતે યોજાયા છે જેમાં તેમને એવોર્ડ પણ પ્રાપ્ત થયા છે. ક્રેયાંસ કલા પર્વ ટોંક અને લલિત કલા અકાદમી જયપુર તરફથી નિરૂપાનબેન ને મહિલા રત્નનો એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે ત્યાં ત્રણ દિવસના વર્કશોપ માં શ્યામ કી દિવાની પેઈન્ટિંગ બનાવી લોકોના દિલ જીતી લીધા હતા. હમણાં જ તેમનું એક ચિત્ર અઘોરી સાધુ નામનું શીર્ષક હતું જેમાં આંતરરાષ્ટ્રીય ઓનલાઈન ચિત્ર હરીફાઈમાં ૭૦૦થી પણ વધારે ચિત્રકારોએ ભાગ લીધા હતો જેમાં નિરૂપાબેનના ચિત્રને ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો છે. આ ઘટના જૂનાગઢ માટે ગૌરવંતી કહેવાય તેઓ તેમના માતા-પિતાનું અને ગુરૂનું નામ રોશન કરશે તેમાં શંકારને કોઈ સ્થાન નથી.

# શિવરાજપુર બીચ ખાતે સોમવારે યોજાશે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૧



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી સોમવાર તા. ૧૩ ના રોજ શિવરાજપુર બીચ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના સુચારૂ આયોજન અંગે ખાસ બેઠક ખંભાળિયામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઈન્ચાર્જ કલેકટર એ.બી. પાંડોરના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી.

ગુજરાતને પ્રવાસન ક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત થાય તે માટે સરકાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સાબરમતી રિવર ફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું તા. ૧૧ થી તા. ૧૪ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૧૩ ના રોજ શિવરાજપુર બીચ ખાતે પતંગ મહોત્સવનું આયોજન થનાર છે. આ બેઠકમાં ઈન્ચાર્જ કલેકટર દ્વારા પતંગ મહોત્સવમાં પતંગબાજો તેમજ પતંગ ઉત્સવ દરમિયાનની તમામ આનુષાંગિક વ્યવસ્થાઓ અંગે જરૂરી સૂચનો કર્યા હતા. કાર્યક્રમને અનુરૂપ કાઈટીસ્ટો માટેના સ્ટોલ, સ્ટેજ તેમજ આનુષાંગિક અન્ય વ્યવસ્થા કરવા જરૂરી સૂચના આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની રૂપરેખાની વિગતો મેળવવા સાથે સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તૃતિ, ઉપરાંત ફાયર બ્રિગેડ, મોબાઈલ ટોયલેટની સુવિધા, પાર્કિંગ વ્યવસ્થા, મેડીકલ ટીમ, સહિતની બાબત સુનિશ્ચિત કરવા ખાસ સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એચ.એ. જોશી તેમજ લગત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના પ્રજાસત્તાક પર્વની જીલ્લા કક્ષાની ઉજવણી ખંભાળિયા ખાતે થશે

જામ ખંભાળિયા, તા. ૧૧



ખંભાળિયામાં આગામી તા. ૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ઉજવણીના આયોજન અંગે બેઠક યોજાઈ હતી. ખંભાળિયામાં જિલ્લા સેવા સદન ખાતે ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર એ.બી. પાંડોરના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીને અહીંના રામનગર વિસ્તારમાં આવેલા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે હર્ષોલ્લાસ સાથે કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ઈન્ચાર્જ કલેક્ટર દ્વારા અહીંની સરકારી ઈમારતોને રોશની, કાર્યક્રમ સ્થળની વ્યવસ્થાઓ, સાફ સફાઈ, ફાયર સેફટી, બેઠક વ્યવસ્થા અને ટેબ્લોનું આયોજન સહિતના મુદ્દે જરૂરી સૂચનાઓ આપી, અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા દ્વારા વિવિધ સંબંધિત અધિકારીઓને કાર્યક્રમની ભવ્ય ઉજવણીને લઈ જરુરી સૂચનો કરવામાં આવ્યા હતા. જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં વિવિધ કચેરીઓ દ્વારા ટેબ્લો રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં દેશભક્તિની થીમ પર વિશેષ સાંસ્કૃત્તિક કૃતિઓ પણ રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત પોલીસ વિભાગ દ્વારા માર્ચ પાસ્ટ પરેડનું આયોજન કરવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક એચ.એ. જોશી, પ્રાંત અધિકારી કે.કે. કરમટા, નાયબ કલેક્ટર મનોજ દેસાઈ સહિત અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# નવા વર્ષે વિકાસની અસીમ સંભાવનાઓ

નવા વર્ષ ૨૦૨૫માં ભારત ડિજિટલ અર્થવ્યવસ્થા તરફ લાંબી છલાંગ લગાવી શકે છે. સોફ્ટવેર અને આઈટી સેવાઓ આપવામાં આપણે આખી દુનિયાનું નેતૃત્વ કરવાની સ્થિતિમાં પહોંચી શકીએછીએ. એ જ રીતે ભારત વિશ્વભરના પર્યટકો માટે એક સુરિક્ષત અને સસ્તું આકર્ષણનું કેન્દ્ર પણ બની શકે છે જ્યાં પર્યટકોની રુચિનાં તમામ કેન્દ્ર, દરેક પ્રકારના ખાનપાન, સ્થાનિક કુટિર ઉદ્યોગોના ઉત્પાદન અને ગાઈડ રૂપે સારા શિક્ષિત, અંગ્રેજી બોલનારા હાજર છે જે એક સાથે બહુ મુશ્કેલીથી એક દેશમાં મળી શકે. તે ઉપરાંત પણ ઘણાં ક્ષેત્રોમાં આપણા માટે આગળ વધવાના અનુપમ અવસરો બની રહ્યા છે.

ભારતીય અર્થવ્યવસ્થા ડિજિટલ થતી જાય છે. તે અંતર્ગત બ્રોડબેન્ડ કનેક્ટિવિટી, ડિજિટલ સાક્ષરતા અને ઈ-ગવર્નન્સને ઉત્તેજન આપવામાં આવે છે. ૨૦૨૫ સુધી, ભારતમાં ઈન્ટરનેટ યુઝર્સની સંખ્યામાં ભારે વધારો થવાની આશા છે, જેનાથી ઈ-કોમર્સ, ઓનલાઈન શિક્ષણ અને ડિજિટલ આર્થિક સેવાઓ જેવા ક્ષેત્રોમાં તેજી આવશે. ભારતમાં ઈ-કોમર્સનું બજાર પણ તેજીથી વધી રહ્યું છે. ૨૦૨૫માં તેના વધુ પરિપક્વ થવાની આશા છે. ડિજિટલ ચૂકવણીને પણ સરકારી સ્તર પર પર્યાપ્ત ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે. ૨૦૨૫માં ભારતમાં ડિજિટલ લેણદેણની સંખ્યામાં પણ ઉલ્લેખનીય વૃદ્ધિ થઈ શકે છે. ભારતમાં ૫-જી ટેકનિકના પ્રયોગમાં ઝડપથી વિસ્તાર થઈ રહ્યો છે. ૨૦૨૫ સુધી, તેનું વ્યાપક રૂપે ઉપયોગ થવા લાગશે તેવી આશા છે. ડિજિટલ પરિવર્તનની સાથે, સાઈબર સુરક્ષા પણ મહત્ત્વની થઈ ગઈ છે. ૨૦૨૫ સુધી ભારત આ ક્ષેત્રે વધુ મજબૂત બની શકે છે, જે ડેટા સુરક્ષા અને સાઈબર અપરાધોને રોકવામાં મદદ કરશે. ભારતમાં ક્લાઉડ કમ્પ્યુટિંગનો ઉપયોગ વધી રહ્યો છે. ૨૦૨૫ સુધી, કેટલાંય સંગઠન ક્લાઉડ-આધારિત સમાધાનોને અપનાવશે, જે લચીલાપણા અને ઓછા ખર્ચે અસીમિત દક્ષતા પ્રદાન કરશે. તમે માનીને ચાલી શકો છો કે નૂતન વર્ષમાં આઈટી વ્યાવસાયિકોની સંખ્યા વધતી જ જશે.

નવા વર્ષે આ ક્ષેત્ર વધુ કુશળ અને પ્રશિક્ષિત વ્યાવસાયિકોને આકર્ષિત કરી શકે છે. મેક ઈન ઈન્ડિયા ભારતને એક વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા પર કેન્દ્રિત છે. સરકાર વિદેશી રોકાણને આકર્ષિત કરવા અને ઘરેલુ ઉત્પાદનને ઉત્તેજન આપવા માટે નીતિઓ બનાવી રહી છે. ૨૦૨૫માં ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ, ફાર્મા અને નવીકરણીય ઊર્જા જેવા ક્ષેત્રોમાં વિનિર્માણ ગતિવિધિઓમાં તેજી આવવાની આશા છે. રક્ષા વિનિર્માણમાં પણ સરકાર આત્મનિર્ભરતા હાંસલ કરવા ભાર મૂકી રહી છે. ઘરેલુ રક્ષા વિનિર્માણને ઉત્તેજન આપવા માટે કેટલાંય પગલાં ભરાઈ રહ્યાં છે. ભારત રક્ષા ઉફકરણોનું એક મુખ્ય નિકાસકાર બનવાની દિશામાં આગળ વધી શકે છે.

ભારત સરકાર સડકો, રેલવે, બંદરો અને એરપોર્ટો જેવા પરિવહન બુનિયાદી માળખાને વિકસિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ૨૦૨૫ સુધી દેશમાં બહેત પરિવહન કનેક્ટિવિટી હશે, જેનાથી વેપાર અને પર્યટનને ઉત્તેજન મળશે. ભારત નવીકરણીય ઊર્જા સ્રોતો, જેમ કે સૌર ઊર્જા અને પવન ઊર્જાના વિકાસ પર ભાર મૂકી રહ્યું છે. સરકારનું લ-ય ૨૦૨૫ સુધી ઊર્જા સુરક્ષા હાંસલ કરવું અને જીવાશ્મ ઈંધણ પર નિર્ભરતા ઓછી કરવાનું છે. ભારતમાં શહેરીકરણ પણ ઝડપી થઈ રહ્યું છે. ૨૦૨૫ સુધી સ્માર્ટ શહેરોમાં બહેતર બુનિયાદી માળખા, જળ પૂરવઠો, સ્વચ્છતા અને જાહેર પરિવહન જેવી સુવિધાઓ હશે. આયુષ્માન ભારત યોજના દેશના લાખો લોકોને સ્વાસ્થ્ય વીમા કવરેજ પ્રદાન કરે છે. ૨૦૨૫ સુધી, ભારતમાં સ્વાસ્થ્ય સેવામાં સુધારની આશા છે, જેમાં બહેતર હોસ્પિટલ, ડોકટરો અને દવાઓની પહોંચ સામેલ છે. ભારતમાં કૃષિ ક્ષેત્રમાં ટેક્નોલોજીનો ઉપયોગ વધી રહ્યો છે. શિક્ષણ માટે પણ ૨૦૨૫ મહત્ત્વનું બની શકે છે. સરકારે હાલમાં જ એક નવી શિક્ષણ નીતિ શરૂ કરી છે,જેનો ઉદ્દેશ્ય શિક્ષણ પ્રણાલીમાં સુધાર કરવાનો છે. આ નીતિ કૌશલ વિકાસ, વ્યાવસાયિક શિક્ષણ અને સંશોધન પર કેન્દ્રિત છે. ૨૦૨૫ સુધીમાં નવી શિક્ષણ નીતિથી શિક્ષણ ક્ષેત્રમાં સકારાત્મક બદલાવ આવવાની આશા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અભિમાની વ્યક્તિ પોતાનો સર્વનાશ નોતરે છે.

- શેક્સપીયર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.અમરદાદ-૧૩૯૪, મુ. રજ્જબ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, પોષ સુદ-૧૨ શ્રી રામ પ્રતિષ્ઠા મહોત્સવ (ઓયધ્યા), તેરસનો ક્ષય છે, શનિપ્રદોષ તા.૧૧ જાન્યુઆરી ૨૦૨૫, શનિવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૧૦, રોહિણી નક્ષત્ર, શુક્લ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૩૬, સૂ.અ.૬:૨૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), રાત્રે ૧૧:૫૪ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: લાભની નવી તક સાંપડે. વડીલ વર્ગથી લાભ થાય.
વૃષભ:મનની મુરાદ પૂર્ણ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.
મિથુન:આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય. મહત્વના કાર્યમાં સફળતા મળે.
કર્ક: જૂના શત્રુઓનું જોર વધી જાય. સરળ કાર્યો કઠીન બને.
સિંહ: મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પ્રવાસમાં હાનિ ઉદ્ભવે.
કન્યા: મનમાં અશાંતિ રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.
તુલા: નાણાંભીડ અનુભવાય. ભાઈ-બહેન સાથે મતભેદ રહે.
વૃશ્ચિક:અણધાર્યો લાભ મળે. મનમાં ચંચળતા રહે.
ધન: આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ. વાણી સંયમ જાળવવો.
મકર: સામાજિક માન, યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય. માનસિક ચિંતા હળવી બને.
કુંભ: સમસ્યાનો ઉકેલ મળે. કાર્યબોજમાં વધારો થાય.
મીન: દરેક કામમાં સાવચેતી રાખવી હિતાવહ. વ્યર્થ ક્રોધને ટાળવું.

# ગુજરાત જમીયત ઉલેમા-એ-હિંદના મુખ્ય હોદ્દેદારોની મીટીંગ મળી

## અંગ્રેજોના દોરમાં જમીયતની જેટલી જરૂરિયાત હતી તેનાથી વધારે અત્યારે જમીયતની જરૂરીયાત છે : પ્રોફેસર નિસાર એહમદ અન્સારી, ખામોશીથી અત્યાચાર સહન કરવો સૌથી મોટો અત્યાચાર છે : મૌલાના હકીમુદ્દીન કાસમી :ગુજરાતમાંથી જમીયતના ચાર લાખ મેમ્બર્સ બનાવવા લક્ષ્ય અપાયું





(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૧

અહમદાબાદ હજ હાઉસ ખાતે ગુજરાત જમીયત ઉલેમા-એ-હિંદની બે દિવસીય મીટીંગમાં શનિવારે બપોર બાદ પ્રથમ ચરણમાં ગુજરાત જમીયતના જનરલ સેક્રેટરી પ્રોફેસર નિશાર એહમદ અન્સારીએ પ્રારંભિક પ્રવચનમાં જમીયતનો ઈતિહાસ તેમની કામગીરી અને મર્યાદાઓ વિશે વિસ્તૃત માહિતી આપી જમીયતને આવનારા સમયમાં મજબૂત બનાવવા હાકલ કરી સમગ્ર ગુજરાતમાં ચાર લાખ સદસ્યો બનાવવાનું લક્ષ્ય આપ્યુ હતું. આ માટે દરેક મહોલ્લામાં મીટીંગો યોજી જમીયતની કામગીરીથી લોકોને માહિતગાર કરી દરેક ઘરના સભ્યોને જમીયતના મેમ્બર બનાવવા સુચન કર્યુ હતું. તેમણે જમીયતનો ઈતિહાસ અને મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, દેશ અને ધર્મની રક્ષા માટે જમીયતે અંગ્રેજો સામે આઝાદી અસરકારક લડત ચલાવી હતી. આઝાદી પહેલા જેટલી જમીયતની જરૂરીયાત હતી તેનાથી પણ વધારે આજે જમીયતની જરુરિયાત છે. આજના હરણફાળ યુગમાં દૂનિયાની સાથે તાલમાં તાલ મિલાવવા જમીયતે ઓપન સ્કૂલો શરૂ કરી છે. ઉલમાએ કીરામને કાયદાકીય નોલેજ મેળવી વકીલો બની કાયદાકીય લડત ચલાવવા તૈયાર થવું જોઈએ. કોઈ પણ પ્રકારની ઉશ્કેરણીમા આવી રોડ ઉપર ઉતરવામાં જમીયત માનતી નથી. સડક ઉપર ઉતરીને સમસ્યાઓ હલ થાતી નથી. આજે એક આયોજન મુજબ નફરતી ભાષણો કરવામાં આવે છે તેની સામે આપણે તેને સોશ્યલ મીડિયામાં નાખી તેનો ઉલ્ટાનો પ્રચાર કરીને મોટી ભૂલ કરીએ છીએ. નફરતી પોસ્ટ કે ભાષણો કરનારા સામે ફરીયાદ નોંધાવવી જોઈએ. આ માટે પણ જમીયતે એક અલગ ફીલ્ડ શરૂ કર્યું છે. જે આવી હેડ ક્રાઈમ સામે કાયદીય લડત ચલાવે છે. તેમણે દારૂલ કઝા કાયમ કરવા પર જોર આપતા જણાવ્યું હતું કે, આપણે પોતે ઘણી બધી બાબતોને લઈને કોર્ટમાં જઈને ઈસ્લામની તોહીન કરીએ છીએ. કોવિડના સમયે પીએમ મોદીએ પણ મન કી બાતમા જમીયતની કામગીરી ને વખાણી હતી. અસલ તનઝીમ એ છે કે, જેમના કારકૂન કાર્યરત હોય. જમીયતનું જે સત્તા પર કામ થવું જોઈએ એ થાતું નથી. પ્રોફેસર નિશાર એહમદના પ્રવચન બાદ જીલ્લાવાઈસ કામગીરીના રીપોર્ટ રજુ કરવામાં આવેલ જેમા જુનાગઢ જિલ્લાના પ્રમુખ મૌલાના ઈબ્રાહીમ ઉદયાએ ગીરસોમનાથ પાટણમાં થયેલ હાજી માંગરોલી શાહ દરગાહનું ડેમોલેશન વખતે જીલ્લા જમીયતની કામગીરીનો રીપોર્ટ રજુ કર્યો હતો. જે સમગ્ર ચર્ચાનો મુખ્ય મુદ્દો બન્યો હતો. જેમાં અત્યારે સુધી ગુજરાત જમીયતે લાખોનો ખર્ચ કરીને સ્ટે ઓર્ડર મેળવ્યો હોવાનું સામે આવ્યું હતું. મૌલાના અ. મતિન વ્હોરાએ જામનગર પૂરગ્રસ્તોની કામગીરી નો રીપોર્ટ રજુ કર્યત હતો. તદુપરાંત ગુજરાતના તમામ જિલ્લાઓની કામગીરીનો સ્થાનિક હોદ્દેદારો દ્વારા રીપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. મુફતી એહમદ દેવલ્વી સાહબે પોતાના પ્રવચનમાં મદ્રેસાનું દીની મહત્વ સમજાવી જણાવ્યું હતું કે, અંગ્રેજોએ દેશમાંથી ઈસ્લામી કલ્ચર નાબુદ કરવા જોર અજમાવ્યું ત્યારે જમીયત ઉલેમા-એ-હિંદે હમવતન ભાઈઓને સાથે રાખીને આઝાદી લડત ચલાવી હતી. ઈસ્લામી કલ્ચર અને દિની સંરક્ષણ માટે પાયાની જરૂરિયાત મદ્રેસા છે. એના માટે આજે પણ જમીયત ઉલેમા દીની મદરેસા બોર્ડ હેઠળ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. સેન્ટ્રલ જમીયતના મૌલાના અખલાખ એહમદ જેશલમેરીએ પ્રોજેકટર ઉપર જમીયત યુથ ક્લબ વિશે વિસ્તૃત માહિતી આપી અત્યાર સુધીની યૂથ ક્લબની પ્રગતિ વર્ણવી હતી. મુફતી સાજીદ એ જમીયત મિલ્લત ફંડની વિસ્તૃત માહિતી આપી હતી. અધ્યક્ષ સ્થાનેથી મૌલાના ઈરફાને વર્તમાન સમયમાં વધતી જતી મૃર્તદ થવાની ઘટનાઓ ઉપર ચિંતા વ્યક્ત કરી હતી. શકિલી અને કાદયાનિયત ફીત્ના વિશે માહિતી આપી હતી. બીજુ ચરણની મિટિંગ મુફતી એહમદ દેવલ્વી સાહબના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી જેમા મૌલાના અબ્દુલ કુદૂસ નદવીએ જમીયતનું ધ્યેય અને મકસદ પર પ્રકાશ ફેંકતા જણાવ્યું હતું કે, જે લોકોને નફા પહોંચાડતા રહે છે તે કાયમી માટે બાકી રહે છે. હક્કના રસ્તાઓ પર ધિક્કાર અને મુસિબતના સમયે મદદગાર બની ઉભે છે તેઓને અલ્લાહ ક્યારેય પણ એકલા છોડી બેઈજજ નથી કરતા. લોકોની સેવા કરવી, લોકોની ભલાઈ માટે પોતાની જાતને કૂરબાન કરવી, એજ જમીયતનું ધ્યેય છે. બુલડોઝર સામે જમીયત જ મેદાનમાં આવી કોર્ટેમાં પહોંચી. બયાન બાજી કરનારાઓ એક પણ વેરાવળ બુલડોઝર કાર્યવાહી મામલામાં દેખાયા નહી. જયારે કોઈ માણસ કમજોર પડે છે તો ચારે બાજુથી હુમલા થાય છે આપણે કોઈપણ પરિસ્થિતિમાં કમજોર પડવાનું નથી. મુફતી અ. મતિન જુનાગઢીએ સામાજિક સુધારણા વિશે જણાવ્યું હતું કે, સમાજમાં સુધારો લાવવા માટે સૌ પ્રથમ પોતાને પોતાની જાતને સુધારવી પડશે, આજે સમાજમાં સારા માહોલના અભાવે સમાજના નાના નાના છોકરાઓ ડ્રગ્સના રવાડે ચડી જીવન બરબાદ કરી રહ્યા છે. આજે મુસ્લિમ સમાજમાં નશીલી વસ્તુઓ આમ થવા લાગી છે.

જેના ઉપર ખાસ ઝુંબેશ ચલાવવી જોઈએ. મૌલાના અરસદ મીરે વકફ બોર્ડ નો ઈતિહાસ અને વર્તમાન પરિસ્થિતિ વિશે ખૂબ જ ગંભીર ચિંતા સાથે વકફ બોર્ડ બોર્ડનો ચિતાર રજુ કર્યો હતો. વકફ શંશોધન બિલ વિશે ઝીણવટભરી માહીતી આપી વકફની તમામ મિલકતો ના કાગળો કંપ્લીટ રાખવા હાકલ કરી હતી. આ માટે મસ્જિદ મકાતિબ દરગાહના જીમ્મેદારોથી મળીને કામગીરી તેજ કરવા છણાવ્યું હતું. મૌલાના ઈરફાને દરેક મસ્જિદમાં દર્શે કૂઆન / તફસીલ શરૂ કરવા સુચન કર્યું હતું. મુખ્ય મહેમાન તરીકે જનરલ સેક્રેટરી મૌલાના હકીમુદ્દીન કાસમીએ જમીયત ના સાથીઓની રૂહાની તરબીયત ઉપર જોર આપતા જણાવ્યું હતું કે, જમીયત ઉલ્માના કામને ઈબાદતના તૌર ઉપર લોકો સમક્ષ રજૂ કરો. જમીયત વતિ દરેક મસ્જિદમાં દર્શે કૂઆન શરૂ કરવામાં આવે.સમાજ સુધારણાના કામ કરવામા આવે, નફરતી ભાષણો, સોશ્યલ મીડિયામાં થાતી નફરતી પોસ્ટ, લિંચિંગ સહિત તમામ હેડ ક્રાઈમ વિરૂદ્ધ ફરીયાદ કરવામાં આવે. ખામોશીથી અત્યાચાર સહન કરી લેવો સૌથી મોટો અત્યાચાર છે. બીજા ચરણના પ્રોગ્રામનું સંચાલન અતિકભાઈ પાલનપુરીએ કર્યુ હતું. પ્રથમ ચરણની મિટિંગ અહમદાબાદ જમીયતના પ્રમુખ મૌલાના ઈરફાન સાહબના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી.

જેમા ગુજરાત જમીયતના પ્રમુખ મૌલાના અલ્લામા મુહમ્મદરફીક બરોડવી, ઉપપ્રમુખ મુફતી એહમદ દેવલ્વી, મૌલાના અબ્દુલ કુદૂસ નદવી, મૌલાના નૂરમુહમ્મદ વાકાનેરી , મૌલાના ઈરફાન સાહબ, જોઈન્ટ સેક્રેટરી અસલમ કુરેશી સહિત ગુજરાતના તમામ જિલ્લાઓના પ્રમુખ અને સેક્રેટરી ઉપસ્થિત રહ્યા હતા. પ્રોગ્રામની શરૂઆત મુફતી સાજીદ સાહબે તિલાવતે કુંઆન અને નાત એ પાકથી કરી હતી. પ્રોગ્રામનું સંપૂર્ણ સંચાલન મૌલાના મહબુબુલર્રહમાન કાસમીએ કર્યું હતું.

# છેલ્લા ૩ વર્ષમાં ગુજરાત પોલીસે ૧૬,૧૫૫ કરોડની કિંમતનું ૮૭,૬૦૭ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું

## ડ્રગ્સના દૂષણને ડામવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ, ગુજરાત સ્પેશ્યલ નાર્કો રિવોર્ડ સ્કીમ લાગુ કરનારૂ પહેલું રાજ્ય : રિવોર્ડ પોલિસી હેઠળ ડ્રગ્સ જેવા માદક પદાર્થોની બાતમી આપનારને જપ્ત પદાર્થના ૨૦ ટકા સુધીની રોકડ રકમ ઈનામ તરીકે આપવામાં આવે છે



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૧

ડ્રગ્સ જેવા માદક પદાર્થોનું દૂષણ આજે મહાનગરો ઉપરાંત ગામડાંઓ સુધી પહોંચી ગયું છે ત્યારે ગુજરાત સરકાર આ દૂષણને ડામવા માટે પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ૨૦૨૧માં કેફી દ્રવ્યો પકડાવનારાને ઈનામ આપતી પ્રથમ નાર્કો રિવોર્ડ પોલિસી અમલમાં મૂકી હતી જેના પરિણામે ડ્રગ્સની જપ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. ઓક્ટોબર ૨૦૨૧માં રિવોર્ડ પોલિસી લૉન્ચ થઈ ત્યારથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૧૬,૧૫૫ કરોડની કિંમતનું ૮૭,૬૦૭ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી દ્વારા ગુજરાત યુવાનોને કેફી દ્રવ્યોની ચુંગાલમાંથી છોડાવવાની અને ડ્રગ્સ પેડલરોને સકંજામાં લેવાની દિશામાં આગળ વધ્યું છે. નાર્કો રિવોર્ડ પોલિસી લૉન્ચ કરતી વખતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ એવું જણાવ્યું હતું કે, "ડ્રગનું દૂષણ આપણા સમાજને નબળો પાડશે અને યુવાનો તેનાથી દૂર રહે એ જરૂરી છે. ડ્રગ્સ અસ્થાયી રૂપે હાઈ ફીલિંગ આપી શકે છે પરંતુ લાંબા ગાળે તે આપણા શરીરને ભયંકર નુકસાન કરે છે. કોઈ જગ્યાએ ડ્રગ્સ વેચાતું હોય અને એ અંગે યુવાનોને જાણ થાય તો તેમણે પોલીસ અને રાજ્યના ગૃહ વિભાગને માહિતગાર કરવા જોઈએ."

**ફાઈટ અગેઈન્સ્ટ ડ્રગ્સ : ગુજરાત સ્પેશિયલ રિવોર્ડ સ્કીમ શરૂ કરનારૂ પ્રથમ રાજ્ય**

ગુજરાત પોલીસે ડ્રગ્સ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે અને એટલે જ તે ડ્રગ્સ પકડવામાં દેશભરમાં અગ્રેસર છે. ગુજરાત માદક પદાર્થોના દુરુપયોગને રોકવાના હેતુથી બાતમીદારો માટે રિવોર્ડ પોલિસી શરૂ કરનારું પહેલું રાજ્ય છે. ડ્રગ્સને નેસ્તનાબૂદ કરવાના પ્રયાસોમાં પોલીસ, કર્મચારીઓ/અધિકારીઓ અને બાતમીદારો પણ મહત્વનો ભાગ ભજવે છે. બાતમીદારોના જોખમને ધ્યાનમાં લેતાં અને રાજ્યમાં કેફી પદાર્થોનો વ્યાપાર અટકાવવા માટે ગુજરાત સરકારે પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ બાતમીદારોને પ્રોત્સાહન આપવા માટે નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી શરૂ કરી હતી. આ રિવોર્ડ પોલિસીનું અમલીકરણ સરકારના ગૃહ વિભાગ હેઠળ થાય છે.

**નાર્કો રિવોર્ડ પોલિસી અંતર્ગત કયા કેસમાં રિવોર્ડ આપવામાં આવે છે ?**

૧. બાતમીદારો, જેમણે આપેલી માહિતી નાર્કોટિક્સ ડ્રગ્સ અને સાયકોટ્રોપિક પદાર્થો તેમજ NDPS એક્ટ ૧૯૮૫ હેઠળ ગેરકાયદે હસ્તગત કરેલી મિલકતની જપ્તી તરફ દોરી જાય છે.

૨. NDPS એક્ટ ૧૯૮૫ હેઠળ અધિકૃત અધિકારીઓ, જેઓ ગેરકાયદે પદાર્થોની જપ્તી કરે છે, સફળ ઈન્વેસ્ટિગેશન/પ્રોસિક્યુશન હાથ ધરે છે અને પોસ્ટ ઈન્વેસ્ટિગેશન કાર્ય દ્વારા ગુનો સાબિત કરે છે.

૩. અન્ય વિભાગના અધિકારીઓ, જેઓ NDPS એક્ટ ૧૯૮૫ની જોગવાઈઓનું ઉલ્લંઘન સામે લાવવામાં મદદ કરે છે.

**રિવોર્ડની રકમ શેના આધારે નક્કી થાય છે ?**

બાતમીદારે જપ્તીના સંદર્ભમાં આપેલ માહિતીની વિશિષ્ટતા અને ચોકસાઈ, લેવામાં આવેલ જોખમ અને તેનું પ્રમાણ વગેરે બાબતો રિવોર્ડની રકમ નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવે છે. તો સરકારી કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા સફળ જપ્તી થઈ હોય તેવા કિસ્સાઓમાં તેમણે કરેલા વિશેષ પ્રયત્નો, કાર્યવાહીમાં લીધેલું જોખમ, સતર્કતા, પ્રતિબંધિત પદાર્થ સાથે સંકળાયેલા લોકોની ધરપકડ થઈ છે કે કેમ વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે. જે અધિકારી કે કર્મચારી તેની સામાન્ય ફરજના ભાગરૂપે મેળવેલા પુરાવા રજૂ કરે તેને કોઈ રિવોર્ડ આપવામાં આવતો નથી.

**બાતમીદારને જપ્ત પદાર્થના ૨૦ ટકા સુધીની રોકડ રકમ આપવામાં આવે છે**

NDPS એક્ટ, ૧૯૮૫ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરેલા પદાર્થોની ગેરકાયદેસર કિંમતના ૨૦% સુધીની રકમ રિવોર્ડને પાત્ર હોય છે. સરકારી કર્મચારીઓ માટે તેમની સમગ્ર કારકિર્દી દરમ્યાન આ રિવોર્ડની મહત્તમ મર્યાદા ૨૦ લાખ છે, જયારે એક જ કેસમાં કોઈ વ્યકિતગત કર્મચારી કે અધિકારીને આપવામાં આવતી મહત્તમ રકમ ૨ લાખ સુધીની છે. કોઈ ખાનગી વ્યક્તિએ ઓફિસ વર્કમાં મદદ કરી હોય તેને દરેક કેસ દીઠ ૨૫૦૦નો પુરસ્કાર આપવામાં આવે છે. કોઈ બાતમીદાર કે સરકારી કર્મચારીનું મૃત્યુ થઈ જાય તો તેમનો રિવોર્ડ તેમના કાનૂની વારસદાર કે નોમિનીને આપવામાં આવી શકે છે. આ રિવોર્ડ સંપૂર્ણપણે ઈનામ તરીકે ચૂકવવામાં આવે છે અને સક્ષમ સત્તાતંત્ર આ રિવોર્ડને મંજૂર કરે છે.

**છેલ્લા ૩ વર્ષમાં ગુજરાત પોલીસે ૧૬,૧૫૫ કરોડની કિંમતનું ડ્રગ્સ જપ્ત કર્યું**

નાર્કો રિવોર્ડ પોલિસી અંગે જાગૃતિનું પરિણામ એ આવ્યું છે કે NDPS એક્ટ, ૧૯૮૫ હેઠળ નોંધાયેલા કેસમાં અને ડ્રગ્સની જપ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૨૧માં રિવોર્ડ પોલિસી લૉન્ચ થઈ ત્યારથી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૧૬,૧૫૫ કરોડની કિંમતનું ૮૭,૬૦૭ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે અને ૨૫૦૦ થી વધુ આરોપીઓ સામે આવ્યા છે. આ પોલિસી હેઠળ અત્યારસુધીમાં DGP કમિટીએ ૬૪ લોકો માટે રિવોર્ડ તરીકે ૫૧,૨૦૨ મંજૂર કર્યા છે. તો ACS, ગૃહ સ્તરની કમિટીએ ૧૬૯ લોકો માટે ૬,૩૬,૮૬,૬૬૪ રિવોર્ડની રકમ મંજૂર કરી છે. આ ઉપરાંત, ૭૩૭ લોકોને કુલ ૫,૧૩,૪૦,૬૮૦ રિવોર્ડ આપવાનો પ્રસ્તાવ NCB કમિટીને મોકલવામાં આવ્યો છે.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ઝોન કોર્ડીનેટર વિજયભાઈ શેઠની અધ્યક્ષતામાં દ્વારકા અને જામનગર સંયુક્ત જિલ્લા રિફ્રેશન યોગ ટ્રેનર તાલીમ યોજાઈ






(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૧

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ચેરમેન યોગ સેવક શિશપાલજી તથા નવ નિયુક્ત વિશેષ અધિકારી સુરોજાસરના માર્ગદર્શન હેઠળ ગુજરાતના દરેક જિલ્લાઓમાં એક દિવસીય રિફ્રેશર યોગ ટ્રેનર તાલીમ યોજવામાં આવી રહી છે ત્યારે ઝોન કોર્ડીનેટર વિજયભાઈ શેઠની અધ્યક્ષતામાં કસ્તુરબા વિકાસ સંકુલ જામનગર ખાતે એક દિવસીય રિફ્રેશર યોગ ટ્રેનર તાલીમ યોજાઈ જેમાં જામનગર યોગ કોર્ડીનેટર હર્ષિદાબેન ભદ્રા, યોગ વર્ગ ઈન્સ્પેકટર વાલજીભાઈ ડાભી, યોગ પ્રચારક ધનાભા જડિયા, ઝોન સોશિયલ મીડિયા કોર્ડીનેટર શૈલેષભાઈ ટાંક, દ્વારકા સોશિયલ મીડિયા કોર્ડીનેટર અને યોગ કોચ સન્નીભાઈ પુરોહિત, જામનગર સોશિયલ મીડિયા કોર્ડીનેટર અને યોગ ટ્રેનર દક્ષાબેન તેરૈયા, યોગ કોચ, એકસપર્ટ દિલીપભાઈ ડાંગર, કમલભાઈ, રાજીવભાઈ બ્લોચર વગેરે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાના લગભગ ૧૦૦થી પણ વધારે ટ્રેનરોએ તાલીમનો લાભ લીધો.યોગબોર્ડ અંતર્ગત યોગ વર્ગ કઈ રીતે ચલાવવા, કઈ રીતે અપગ્રેડ કરવા, નેચરોપેથી, આવનાર યોગાસન કોમ્પિટિશન વગેરેની માહિતી આપવામાં આવી તેમજ ટ્રેનરોના પ્રશ્નોનું સમાધાન કરવામાં આવ્યું હતું.

## ખંભાળિયાના અગ્રણી યુવા વેપારી ટેબલ ટેનિસ પ્રતિયોગીતામાં પ્રથમ ક્રમે



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

દ્વારકા જિલ્લામાં ખેલ મહાકુંભના આયોજનમાં જિલ્લા કક્ષાની ટેબલ ટેનિસ પ્રતિયોગિતા તાજેતરમાં યોજવામાં આવી હતી. દ્વારકા ખાતે યોજવામાં આવેલી આ સ્પર્ધામાં ૪૦ વર્ષથી ઉપરના વય જૂથમાં ટેબલ ટેનીસ સિંગલમાં પ્રથમ ક્રમે ખંભાળિયાના અગ્રણી વેપારી દિપેનભાઈ ગોકાણીએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને ટેબલ ટેનિસ ડબલ ઓપન વયજૂથમાં પ્રથમ ક્રમે અહીંના ડો. કલ્પેશ કુંડલીયા તથા રનર્સ અપ મિહિરભાઈ બારોટ રહ્યા હતા. આ સ્પર્ધામાં ઓપન વયજૂથ ટેબલ ટેનિસ સિંગલમાં પણ ડો. કલ્પેશ કુંડલીયાએ પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો.

## પીજીવીસીએલ દ્વારા પ્રજાજનો જોગ સલામતીનો સંદેશ

જામ ખંભાળિયા તા.૧૦

ખંભાળિયા સહિત જિલ્લામાં હાલ મકરસંક્રાંતિની ઉજવણીનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે ઉત્તરાયણ પર્વ ઉત્સાહ અને વીજ સલામતી પૂર્વક ઉજવવા તથા વીજ અકસ્માત નિવારવા માટે પતંગ ચગાવતી વખતે નીચે જણાવેલ વિગતો અને મુદ્દાઓ અવશ્ય ધ્યાનમાં રાખવા પીજીવીસીએલ તંત્ર દ્વારા આમ જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.

# લોસ એન્જલસના જંગલોમાં ભીષણ દાવાનળ, ૭૦૦૦૦ લોકોને બચાવાયા

નવી દિલ્હી, તા.૧૧

અમેરિકાના લોસ એન્જલસમાં ભીષણ આગ ભડકી છે જે હવે શહેરો તરફ આગળ વધી રહી છે. આ ભીષણ આગને લીધે અત્યાર સુધી ૫ લોકો મૃત્યુ પામી ગયા છે ત્યારે ૭૦૦૦૦ થી વધુ લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. આગની લપેટમાં અત્યાર સુધીમાં ૧૦૦૦થી વધુ ઈમારતો આવી ચૂકી છે. લોસ એન્જેલસમાં લાગેલી આ આગની ભયાનક તસવીરો હવે સામે આવવા માંડી છે. તસવીરોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ઈમારતો આખે આખી સળગી ગઈ છે. દક્ષિણ કેલિફોર્નિયાનાં લૉસ એન્જલસ શહેરની પાસેનાં જંગલમાં ભયંકર આગ ફેલાઈ ગઈ છે. પેસિફિક મહાસાગરનાં તટે રહેલા આ વિસ્તારમાં મહાસાગર પરથી આવતા પવનોએ આગને ચોપાસ અને ઝડપભેર ફેલાવી દીધી હતી. ઈટન-ફાયર કહેવાતી આ આગ લૉસ એન્જલસ નગરની નજીકનાં શહેર અલ્ટાડીના પાસેનાં જંગલમાંથી મંગળવારે શરૂ થઈ હતી. સાંજના આશરે ૬:૩૦ કલાકે, અભયારણ્ય પાસેથી આગ શરૂ થઈ હોવાનું અનુમાન છે. આગ એટલી ઝડપથી ફેલાવા લાગી કે હોસ્ટિલ્સમાં રહેલાઓને પાર્કીંગ વૉર સુધી પહોંચાડવા માટે તેમનાં દર્દીનાં કપડામાં જ પૈડાંવાળા ખાટલા અને વ્હીલ ચેર્સમાં લઈ જવા પડયા હતા અને પાર્કીંગ વોરમાં ઉભેલી એમ્બ્યુલન્સોમાં ચઢાવી ભયાવહ વિસ્તારમાંથી બહાર કાઢવા પડયા હતા. આ આગને લીધે આકાશ પહેલાં નારંગી રંગનું પછી લાલ અને તે પછી ધૂમાડાને લીધે કાળું દેખાતું હતું તેમ સોશ્યલ મીડીયા પર વીડીયો દર્શાવતા હતા.પેસિફિક તટ વિસ્તાર આનો હાહાકાર મચાવી દીધો હતો અને પૃથ્વી પરનાં સ્વર્ગ સમાન હોલીવૂડના થોડા કીલોમીટર દૂરનો વિસ્તાર ભડકે બળી રહેતાં ત્યાં રહેલા ૭૦૦૦૦થી વધુ નાગરિકોને મહેનતે બહાર કાઢવામાં આવ્યાં હતાં તે સમયે એક વૃદ્ધે કહ્યું હતું કે મારાં સાંભળવાનાં વર્ષમાં મેં કદી આવી પ્રચંડ આગ જોઈ નથી. આ જંગલની આગ શમાવવા ઠેર ઠેરથી લાઈબંબાઓ દોડાવવામાં આવ્યા હતા પરંતુ તેમને મોટી મુશ્કેલી તો તે ઉભી થઈ હતી એક જંગલના પ્રમાણમાં સાંકડા માર્ગો ઉપર અનેક લોકો પોતાની મોટરો પડતી મુકી પગપાળા નાસી રહ્યા હતા. તેનું એક કારણ તે પણ હતું કે આગની અસહ્ય ગરમીથી કદાચ મોટરની ટાંકીમાં રહેલું પેટ્રોલ કે ડીઝલ સળગી ઉઠે તો તેવો મોટરમાં ભડથું થઈ જાય. આડેધડ પડેલી આ મોટરો પેલા લાઈબંબાઓનો માર્ગ અવરોધાતી હતી. તેથી ક્રેનો બોલાવી તે મોટરો દૂર કરવી પડી હતી. તેમાંસમયનો ઘણો દુર્વ્યય થયો હતો. દરમિયાન આગ ભભૂકતી ગઈ. હેલિકોપ્ટર્સથી પાણીનો છંટકાવ કરવાનું પણ મુશ્કેલ બન્યું હતું કારણ કે આગની જવાળાઓની ગરમીથી હેલિકોપ્ટર્સમાં રહેલી ટાંકીનું વિશિષ્ટ પેટ્રોલ પણ સળગી ઉઠવાની ભીતિ હતી. છેવટે વિમાન દ્વારા પાણીનો છંટકાવ શરૂ કર્યો પરંતુ તે બહુ કામયાબ નીવડયો નહીં. નામ માત્રની આગ શમાવી શકાઈ. આ સમયે કેલિફોર્નિયાના ગવર્નર ગેવીન ન્યૂસમ દક્ષિણ કેલિફોર્નિયામાં હતા. તેઓ તુરત જ તે ઘટના સ્થળ તરફ પહોંચી ગયા હતા અને પરિસ્થિતિનો ક્યાસ મેળવી રહ્યા હતા. તેમાં ઠ પ્લેટફોર્મ પરના વીડિયોએ દર્શાવ્યું હતું. ચારે તરફ માત્ર ધૂમાડો જ દેખાતા હતા. ઈમર્જન્સી સાયરનો વાગી રહી હતી. તેમાં પણ આ વર્ષે કેલિફોર્નિયામાં વિશેષતઃ દ.કેલિફોર્નિયામાં વરસાદ ઘણો ઓછો થયો હોવાથી ભૂમિ પણ સુકી ભઠ્ઠ બની રહી છે. લોસ એન્જલસના ફાયર ડીપાર્ટમેન્ટના વડા ક્રીસ્ટીન ક્રાઉલીએ ૧૧૦ ફાયર એન્જિન્સ કામે લગાડયાં છે. છતાં આશરે ૬૪૫ ચો.કીમી.માં વ્યાપેલી આગ કાબુમાં કેમ લેવી તે પ્રશ્ન છે. સમગ્ર અભયારણ્ય તો ખતમ થઈ ગયું છે.

# યુદ્ધ વચ્ચે યુક્રેનના પરમાણુ પ્લાન્ટવાળા શહેરમાં રશિયાનો ભયાનક મિસાઈલ હુમલો, ૧૩નાં મોત




નવી દિલ્હી, તા.૧૧

રશિયાના દક્ષિણ યુક્રેનના શહેર ઝાપોરેઝ્જિયામાં એક મોટો મિસાઈલ હુમલો થયો છે. યુક્રેની અધિકારીઓ અનુસાર, મિસાઈલ હુમલામાં ઓછામાં ઓછા ૧૩ નાગરિકો મોતને ભેટ્યા છે અને લગભગ ૩૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. યુક્રેનના રાષ્ટ્ર પ્રમુખ વોલોડિમિર ઝેલેન્સકીના ટેલિગ્રામ ચેનલ પર પોસ્ટ કરવામાં આવેલી ફૂટેજમાં કાટમાળમાં ફસાયેલા લોકો રસ્તા પર પડેલા જોવા મળ્યા હતાં. જણાવી દઈએ કે, ઝાપોરિઝ્જિયામાં જ યુક્રેનનો ન્યુક્લિયર પ્લાન્ટ છે. ફૂટેજમાં જોવા મળી રહ્યું છે કે, ઈમરજન્સી સર્વિસ દ્વારા તેને ફર્સ્ટ એઈડ આપી રહ્યા છે અને સ્ટ્રેચર પર લઈ જઈ રહ્યા છે. લગભગ ત્રણ વર્ષથી ચાલી રહેલા આ યુદ્ધ દરમિયાન રશિયાએ અનેકવાર નાગરિક વિસ્તારો પર હવાઈ હુમલા કર્યા છે. દ્વિતીય વિશ્વ યુદ્ધ બાદ તે યુરોપનું સૌથી મોટું યુદ્ધ છે, જેમાં હજારો લોકોના મોત થયા છે. ઝેલેન્સ્કી અને ક્ષેત્રીય ગવર્નર ઈવાન ફેડોરોવે કહ્યું કે, હુમલામાં ઓછામાં ઓછા ૧૩ નાગરિકોની મોત થઈ છે. હુમલાની થોડી મિનિટ પહેલાં, ફેડોરોવે ઝાપોરિઝ્જિયા વિસ્તારમાં તેજ ગતિવાળી મિસાઈલ અને ગ્લાઈડ બોમ્બના જોખમની ચેતવણી આપવામાં આવી હતી. ઝેલેન્સ્કીએ ટેલિગ્રામ પર લખ્યું, 'એક શહેર પર હવાઈ બોમ્બબારાથી વધારે ક્રૂર કંઈ નથી, એ જાણતા હોવા છતાં કે, સામાન્ય નાગરિક તેમાં નિશાનો બનશે. આ પહેલાં બુધવારે કહ્યું હતું કે, જે દેશ યુદ્ધનો અંત ઈચ્છે છે, તેણે યુક્રેનને તેના ભવિષ્યની સુરક્ષા માટે આશ્વાસન આપવું જોઈએ. યુક્રેની અધિકારીઓને ડર છે કે, કોઈપણ યુદ્ધ વિરામ અથવા શાંતિ કરાર રશિયાને ફરી હથિયારબંધ થવા અને આક્રમણ કરવાનો સમય આપશે. જ્યાં સુધી તેને સૈન્ય બળથી રોકવામાં ન આવે. ઘણાં મોટા દેશોએ લગભગ ૩ વર્ષથી ચાલી રહેલા આ યુદ્ધને રાજદ્વારી રીતે ખતમ કરવાની વાત કહી છે. શાંતિ વાર્તા પર એક પ્રેસ કોન્ફરન્સમાં વાત કરતાં ઝેલેન્સ્કીએ કહ્યુ હતું, 'પ્રામાણિકતાથી કહુ તો, મારૂ માનવું છે કે અમારો એવા દેશો પાસેથી ગંભીર સુરક્ષા ગેરંટીની માંગ કરવાનો અધિકાર છે, જે વિશ્વમાં શાંતિ ઈચ્છે છે.'

# ચીનના HMP વાયરસનું પત્યું નથી, ત્યાં દેશમાં આવી એક વિચિત્ર બીમારી; એકાએક લોકો થાય છે ટાલિયા

## વિચિત્ર સમસ્યાએ ગ્રામજનોને પરેશાન કરી સ્વાસ્થ્ય સમસ્યાએ લોકોમાં ખળભળાટ મચાવી દીધો

નવી દિલ્હી, તા.૧૧

મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના કેટલાંક ગામોમાં છેલ્લાં કેટલાંક સમયથી એક વિચિત્ર બીમારી ફેલાઈ છે. જેને કારણે સંખ્યાબંધ લોકોના વાળ ઝડપથી ખરી રહ્યાં છે અને લોકો ગણતરીના દિવસોમાં જ ટાલિયા બની રહ્યાં છે. મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી એક વિચિત્ર સમસ્યાએ ગ્રામજનોને પરેશાન કરી દીધા છે. જિલ્લાના અનેક ગામોના લોકો થોડા દિવસોમાં અચાનક વાળ ખરવા અને ટાલ પડવાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. આ સમસ્યા એટલી વધી ગઈ છે કે અત્યાર સુધીમાં બે ડઝનથી વધુ લોકો ટાલ પડી ગયા છે. આ અસામાન્ય સ્વાસ્થ્ય સમસ્યાએ લોકોમાં ખળભળાટ મચાવી દીધો છે. બુલઢાણા જિલ્લાના કેટલાક ગામોમાં લોકોએ થોડા દિવસોમાં અચાનક વાળ ખરવાની અને ટાલ પડવાની ફરિયાદ કર્યા પછી સત્તાવાળાઓએ સંદૂષણને શોધવા માટે સ્થાનિક પાણીના સ્રોતોનું પરીક્ષણ શરૂ કર્યું છે. બુલઢાણા જિલ્લાના ત્રણ ગામોમાં છેલ્લા ૩ દિવસમાં ૬૦થી વધુ લોકોના વાળ અચાનક જ ખરવાનું શરૂ થઈ ગયું છે. જિલ્લાના શેગાંવ તહસીલના બોંડગાંવ, કાલવાડ અને હિંગણા ગામમાં બાળકોથી લઈને વૃદ્ધો સુધીના દરેકના વાળ ખરવા લાગ્યા છે. જેના કારણે તેઓને ટાલ પડી રહી છે, મહિલાઓ પણ તેનો શિકાર બની રહી છે. આ ગામડાઓમાં ફેલાઈ રહેલો આ ક્યા પ્રકારનો રોગ છે, તે હજુ સુધી જાણી શકાયું નથી. આ રોગ આનુવંશિક છે કે કેમ તે જાણવા માટે આરોગ્ય વિભાગની ટીમે આ ગામોમાં જઈને સર્વે કર્યો છે. તેમણે પાણીના સેમ્પલ પણ લઈ લીધાં છે. શેગાંવના આરોગ્ય અધિકારી ડૉ. દીપાલી બહેકરે અહીં પત્રકારોને જણાવ્યું કે, મામલો સામે આવ્યા બાદ આરોગ્ય વિભાગની ટીમે મંગળવારે ગામડાઓમાં સર્વે શરૂ કર્યો છે. અસરગ્રસ્તોની સારવાર શરૂ કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે જિલ્લા પરિષદના આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વે દરમિયાન શેગાંવ તાલુકાના કલવાડ, બોંડગાંવ અને હિંગણા ગામોના ૩૦થી વધુ લોકો વાળ ખરવા અને ટાલ પડવાની સમસ્યાથી પીડાતા જોવા મળ્યા હતા. બહેકરે મંગળવારે જણાવ્યું હતું કે વિભાગે લક્ષણોના આધારે દર્દીઓની તબીબી સારવાર શરૂ કરી છે અને ત્વચારોગ વિજ્ઞાનીઓની સલાહ પણ લેવામાં આવી રહી છે. જિલ્લા પરિષદના આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે આ ગામોના પાણીના નમૂનાઓ પણ પરીક્ષણ માટે મોકલવામાં આવી રહ્યા છે, જેથી પાણીમાં સંભવિત દૂષણની તપાસ કરી શકાય. આ રોગના પહેલા દિવસે જ વ્યક્તિને માથામાં ખંજવાળ આવવા લાગે છે. બીજા દિવસથી વાળ હાથમાં આવવા માંડે છે અને ત્રીજા દિવસે દર્દીને ટાલ પડી જાય છે. સ્ત્રીઓ આ રોગથી સૌથી વધુ પીડિત છે. બીકના માર્યા મોટાભાગના દર્દીઓએ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાનું શરૂ કર્યું છે. ઉલ્લેખનીય છે કે, મનુષ્યની સુંદરતામાં વાળનું આગવું મહત્વ છે. વાળની જાળવણી માટે લોકો અનેક જાતના ઉપચારો અને નુસખા અજમાવતા રહે છે.

# મહાકુંભમાં ૫૨ ફૂટ ઉંચા 3D મહામૃત્યુંજય યંત્રની થશે સ્થાપના



નવી દિલ્હી, તા.૧૧

વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મહાકુંભ મેળો ૧૩ જાન્યુઆરીથી શરૂ થવા જઈ રહ્યો છે. આ વખતે મહાકુંભ ખૂબ જ ખાસ બનવાનો છે. આ વર્ષે મહાકુંભ મેળામાં લગભગ ૪૦ કરોડ શ્રદ્ધાળુઓ પહોંચશે એવો અંદાજ છે. આ સાથે મેળામાં ઘણા આકર્ષણના કેન્દ્રો હશે, જેમાંથી એક મહામૃત્યુંજય યંત્ર હશે. વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાની તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. મહાકુંભ મેળો આગામી ૧૩ ડિસેમ્બરથી શરૂ થશે અને આગામી ૪૫ દિવસ સુધી ચાલુ રહેશે. આ વખતે આ મેળામાં આવતા ભક્તોને વિશ્વના સૌથી મોટા મહામૃત્યુંજય યંત્રના દર્શન થશે. જે ૫૨ ફૂટ ઊંચું, ૫૨ ફૂટ લાંબું અને ૫૨ ફૂટ પહોળું છે. તેની સ્થાપના સિદ્ધ મહામૃત્યુંજય સંસ્થાન દ્વારા કરવામાં આવી રહી છે. આ યંત્ર ખૂબ જ અલૌકિક હશે. મહાકુંભ મેળાનું પહેલું સ્નાન ૧૩ જાન્યુઆરીએ થશે. સરકાર મહાકુંભની તૈયારીઓમાં વ્યસ્ત છે. આ વર્ષે મહાકુંભ મેળામાં લગભગ ૪૦ કરોડ શ્રદ્ધાળુઓ આવે તેવી અપેક્ષા છે. દર્શનાર્થીઓની સુરક્ષા અને સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે વહીવટીતંત્ર દિવસ-રાત કામ કરી રહ્યું છે. આ મેળામાં સ્નાનની સાથે અનેક આકર્ષણના કેન્દ્રો બનવાના છે, જેમાંથી એક ૫૨ ફૂટ લાંબુ, ઊંચું અને પહોળું મહામૃત્યુંજય યંત્ર છે. મહામૃત્યુંજય યંત્ર ૩ઢ માં જોવા મળી રહ્યું છે : આ મશીન સંગમ નદીના કિનારે સ્થાપિત કરવામાં આવી રહ્યું છે. તેની સ્થાપના સિદ્ધ મહામૃત્યુંજય સંસ્થાનના નેજા હેઠળ થઈ રહી છે. આ મહામૃત્યુંજય યંત્ર અંગે સંગઠનનું કહેવું છે કે અત્યાર સુધી મહામૃત્યુંજય યંત્ર ફક્ત ૨ઢ માં જ દેખાતું હતું, પરંતુ આ પહેલીવાર બનશે જ્યારે મહામૃત્યુંજય યંત્ર ૩ઢ માં દેખાશે. આ સિદ્ધ મહામૃત્યુંજય આંતરરાષ્ટ્રીય યોગ અને જ્યોતિષ સંશોધન કેન્દ્ર દ્વારા વર્ષોના સંશોધન પછી બનાવવામાં આવ્યું છે. સંશોધન કેન્દ્રે આ મહામૃત્યુંજય યંત્રનું નિર્માણ તમામ આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક પાસાઓને ધ્યાનમાં રાખીને કર્યું છે. તેની સ્થાપના કુંભ ક્ષેત્રના ઝુનસી વિસ્તારમાં સિદ્ધ મહામૃત્યુંજય સંસ્થાનના મુખ્ય પૂજારી સ્વામી સહજાનંદ સરસ્વતી દ્વારા કરવામાં આવી રહી છે. આ યંત્ર માનસિક શાંતિ અને પોઝિટિવિટી પ્રદાન કરશે અને મહાકુંભ દરમિયાન ગ્રહોના નકારાત્મક પ્રભાવને પણ ઘટાડશે. આ વખતે જ્યોતિષના નિષ્ણાતો મહાકુંભમાં શનિની અસરનું મૂલ્યાંકન કરી રહ્યા છે. જ્યોતિષાચાર્યોની આ શંકાનું પણ સમાધાન આ યંત્ર કરશે.

# અસ્થમાં જેવા રોગમાં ચમત્કારીક પરિણામો લાવી શકે છે હોમિયોપથી

**એલોપથી માને છે કે અસ્થમા એક એવી બિમારી છ કે જીવનભર ચાલે છે એનાથી છુટકારો શકય નથી. જો કે હોમિયોપથી એવું માનતી નથી. હોમિયોપથી માને છે કે અસ્થમા કયોર થઈ શકે છે જો કે દરેક દર્દી ઉપર હોમિયોપથીની અસર જુદી જુદી હોઈ શકે છે પરંતુ જો તમને તમારી પર્ફેકટ રેમેડી મળી ગઈ તો લાંબા ગાળે પણ અસ્થમાના રોગથી છુટકારો શકય છે**

એક જાણીતી ડાન્સર જયારે આજથી ૧૦ વર્ષ પહેલાં લગ્ન કરીને મુંબઈ શિફટ થઈ ત્યારે તેને નાનપણથી સતત રહેતા શરદી ઉધરસની તકલીફ પાછી શરૂ થઈ ગઈ હતી નાનપણમાં આ ડાન્સરને બ્રોન્કકાઈટિસ રહેતો હતો જેને કારણે સતત શરદી ઉધરસ રહેતા હતા. બે ચાર વર્ષ તે એકદમ સ્વસ્થ હતી. પરંતુ મુંબઈ જેવા શહેરમાં આવતા આ તકલીફ જાણે પાછી આવી અને પ્રેગન્ટ થયા પછી તો આ શરદી ઉધરસે અસ્થમાનું રૂપ લઈ લીધું હતું. પ્રેગ્નેન્સીમાં પમ્પ લેવો કે નહી એની ગડમથલમાં તે સ્ત્રીએ પોતાના જીવને જોખમમાં મુકયો. અને બે વખત તેને હોસ્પિટલમાં દાખલ થવું પડયું. જેમ તેમ પ્રેગ્નન્સીના દિવસો પુરા કર્યા. બાળકને જન્મ આપ્યાના સાત મહિનાની અંદર તેને ફરીથી અસ્થામાના એટેક આવવાના શરૂ થયા. થોડા મહિનાની અંદર પાછો એક એવો સિવિયર એટેક આવ્યો કે પાછું હોસ્પિટલ ભેગું થવું પડયું. આ એ સમય હતો જયારે તેને લાગ્યું કે આમ નહી ચાલે. તે ખુબ ડરી ગઈ હતી. બાળકની જવાબદારી તેના માથે હતી અને અસ્થામાને કારણે તેનો ડાન્સ છુટી ગયો હતો તેનો છેલ્લો એટેક એટલો સિરયસ હતો કે તેને લાગ્યું કે હવે હું નહી બચું અને તેનો આ ડર તેને હોમિયોપેથી પાસે લઈ ગયો. નાનપણમાં તેને જયારે બ્રોન્કાઈટિસ થયો હતો એ વખતે પણ તેને હોમિયોપેથીએ જ મદદ કરેલી અને તેને લાગ્યું હતુંકે તેના અસ્થામા સામેની લડતમાં પણ તેને હોમિયોપેથી મદદરૂપ થઈ શકશે. ઓલરેડી તેની એલોપેથિક દવાઓ ચાલુ જ હતી. તેના કેસને સ્ટડી કર્યા બાદ હોમિયોપેથી ડોકટરે ૬ મહિનાની અંદર તેની શારીરીક માનસિક બંને હાલતને ઘણી હદે સુધારી દીધી. તેની એલોપેથિક દવાઓ ૬ મહીનાની અંદર ધીમે ધીમે બંધ કરાવી દીધી. જે દરમ્યાન ફકત એક જ વાર તેની હાલત બગડી હતી. જેમાં હોમિયોપેથીની ઈમરજન્સી દવાઓ કામ લાગી હતી. લગભગ બે વર્ષ તેણે હોમિયોપેથીનો ઈલાજ ચાલુ રાખ્યો અને પછી તેને કોઈપણ પ્રકારની દવાઓ લેવાની જરૂર જ નથી પડી. તે સંપુર્ણ સ્વસ્થ થઈ ગઈ. છેલ્લા ૮ વર્ષમાં વગર દવાએ પણ તેને કોઈ એટેક આવ્યો નથી. આપણે જાણીએ હોમિયોપેથી કઈ રીતે અસ્થમામાં અસરકારક સાબિત થઈ શકે છે.

**સાઈડ ઈફેકટ વગર :-**

એલોપથી પાસે અસ્થામાનો જે ઈલાજ છે એ એના લક્ષણો જેમ કે શ્વાસમાં સિસોટી જેવો અવાજ, છાતી ભારે થવી, કફ, ટુંકા શ્વાસ વગેરેને કાબુમાં રાખવા માટે ઉપયોગી છે. વળી એ માટે ઉપયોગી એવા પમ્પ એક એવો ઈલાજ છે જેમાં શરીર આ દવા ઉપર આધારીત થઈ જાય છે. વળી આજકાલ અસ્થામાં ખુબ જ અસરકારક અને ઉપયોગી એવી કોર્ટિકોસ્ટેરોઈડ દવાઓ પણ જો લાંબા ગાળા સુધી લેવામાં આવે કે હેવી ડોઝ દેવામાં આવે તો સાઈડ ઈફેકટસ કરી શકે છે. આ બધાની વચ્ચે આ રોગનો કોઈ એવો ઈલાજ હોઈ શકે જે મૂળથી આ રોગ ઉપર અસર કરી શકે અને વ્યકિતની સ્થિતિને કફોડી બનતી અટકાવી શકે અને એ પણ સાઈડ ઈફેકટના ડર વગર ? હોમિયોપેથી આ ત્રણેય જરૂરીયાતો ઉપર ખરી ઉતરી શકે છે. અલબત્ત એનો ઈલાજ લાંબો ચાલી શકે છે. પરંતુ લાંબા ગાળે એ ઘણા ચમત્કારીક પરિણામો લાવી શકે છે. શરત એ છે કે હોમિયોપેથી ડોકટરે તમારા માટે જે રેમેડી શોધી છે. એ સાચી રેમેડી હોય.

**સંપૂર્ણ કયોર શકય છે ?**

હોમિયોપેથીના સિંધ્ધાત વિશે વાત કરતા ધ અધર સોન્ગ હોમિયોપથી કલીનીક અને એકેડેમીના ડીન ડો.મેઘના શાહ કહે છે કે હોમિયોપથી માને છે કે આપણું સમગ્ર શરીર એક ઉર્જાથી સંચાલિત થાય છે. જે આપણી આખી સિસ્ટમને ચલાવે છે એ બહારના તસવોથી આપણું રક્ષણ કરે છે અને શરીર જયારે ડેમેજ થાય છે ત્યારે તેને રિપેર કરવાનું કામ પણ એજ કરે છે. જયારે આ ઉર્જા ખંડિત થાય છે ત્યારે શરીરમાં કોઈ પણ પ્રશ્ન આવે છે. હોમિયોપેથિક મેડિસિન આ ઉર્જા ઉપર કામ કરે છે. આમ એ રોગના લક્ષણોને કાબુમાં લાવવા માટે જ નહી. એને મૂળથી દુર કરવામાં પણ સફળ થાય છે. અસ્થમા જેવા રોગ એલોપથી અનુસાર સંપૂર્ણ રીતે કયોર કરવા અશકય છે. પરંતુ હોમિયોપથી એવું માનતી નથી. ઘણા દર્દીઓ છે જેમનો અસ્થમાં સંપૂર્ણ કયોર હોમિયોપથી દ્વારા થયો છે. પરંતુ આમાં એક જ લિમિટેશન છે કે દરેક વ્યકિતને એક સરખા નિયમો લાગુ પડતા નથી.

**વ્યકિતની સિસ્ટમને પ્રબળ બનાવે :-**

હવે પ્રશ્ન એ થાય કે અસ્થમામાં હોમિયોપેથી કઈ રીતે ફાયદો કરી શકે છે. આ વિશે વાત કરતા ડો.મેઘના શાહ કહે છે કે અસ્થમાના અમુક ટિગર્સ હોય છે કે જેમ કે ધૂળને લીધે, તાપમાનમાં ફેરફારને લીધે. દિવસ કરતા રાત્રે વધુ, ભેજ વધુ હોય ત્યા, સ્ટ્રેસ આવે ત્યારે ઈમોશનલી માણસ વીક બને ત્યારે વગેરે. આ ટ્રિગર્સ આવે ત્યારે વ્યકિતને અસ્થમાનો એટેક આવે કે તેની હાલત ખરાબ થાય છે. વળી દરેક વ્યકિતના આ ટ્રિગર્સ જુદા જુદા હોય છે એ શોધવા જરૂરી છે. એને આધારે તેને જે રેમેડી આપવામાં આવે છે એ આ ટ્રિગર્સ દરમ્યાન તેના શરીરને બળ આપે છે કે આ પરિસ્થિતિ જેના પ્રત્યે તે સંવેદનશીલ છે એને તે સહન કરીને પોતાના શરીરને સ્ટેબલ રાખી શકે. આમ એ વ્યકિતને બળ આપે છે. જેમ કે જે વ્યકિતને ઠંડીમાં અસ્થામાના એટેક વધુ આવતા હોય તે આ દવાથી ધીમે ધીમે એ સિસ્ટમને એટલી સ્ટ્રોંગ બનાવે છે કે એ વ્યકિત ઠંડીમાં જાય તો પણ તેને એટેક આવે નહી.

**સંપૂર્ણ ઈલાજ :-**

આ સિવાય ઘણા રિસર્ચ એ સાબિત કરી ચુકયા છે અને અસ્થમાના દર્દીઓમાં એ ખાસ જોવા પણ મળે છે કે જયારે દર્દી મેન્ટલ સ્ટ્રેસ અનુભવતો હોય, ખાસ કરીને એ સ્ટ્રેસ લાગણી સાથે સબંધિત હોય ત્યારે વ્યકિત અસ્થમાનો ભોગ બનતી હોય છે. એ વિશે વાત કરતા મેઘના શાહ કહે છે હોમિયોપેથી વ્યકિતને સંપૂર્ણતા સાથે જુએ છે. એલોપથીમાં અસ્થમાં અને મેન્ટલ સ્ટ્રેસ બંનેને અલગ રોગ તરીકે જોવામાં આવે છે. હોમિયોપેથીમાં આ બંને એક જ વસ્તુ છે અને દરેક જાતના પ્રોબ્લેમ્સ માટે વ્યકિતને એક જ દવા આપવામાં આવે છે. જુદી જુદી નહી. એ વ્યકિતને સંપૂર્ણ રીતે ઠીક કરે છે તેના માનસિક અને શારીરીક બધા જ પ્રોબ્લેમને એકસાથે એક જ દવાથી ઠીક કરવામાં આવે છે.

**બાળકની જાતિ માટે માતા જવાબદાર કે પછી પિતા ?**

મહિલા પ્રેગન્ટ હોય ત્યારે તેને દીકરો અવતરશે કે દીકરી એ વિશે જાતજાતની અટકળો ચાલતી હોય છે આજે પણ કેટલાક લોકો દીકરીના જન્મ માટે માતાને જ જવાબદાર માને છે. જયારે વૈજ્ઞાનિક હકીકત એનાથી સાવ જ વિપરીત છે. બાળક નર હશે કે માદા એ આપણા મૂળભૂત કોષોમાં રહેલા ક્રોમોઝોમ એટલે કે રંગસુત્રોના આધારે નકકી થાય છે.

દરેક સજીવમાં આવા રંગસુત્રોની માત્રા અલગ અલગ હોય છે. માનવોમાં ૨૩ જોડી એટલે કે કુલ ૪૬ રંગસુત્રો હોય છે. આ રંગસુત્રો શરીરના મૂળભૂત કોષો ગણાતા એટલે કે ડીઓકિસરીબો ન્યુકલેઈક એસિડથી બનેલા હોય છે. શરીરમાં અબજો કોષો હોય છે અને એ પ્રત્યેક કોષમાં ૨૩ જોડી ક્રોમોઝોમ હોય છે. મોટા



ભાગના કોષોનું એક જ ન્યુકિલયસ એટલે કે કેન્દ્ર હોય છે અને એ કેન્દ્રમાં ક્રોમોઝોમ હોય છે. ૨૩ જોડી રંગસુત્રોમાંથી અડધા પિતા તરફથી અને અડધા માતા તરફથી આવ્યા હોય છે. એક કોષ પણ નરી આંખે જોઈ શકાતો નથી ત્યારે એના કેન્દ્રની અંદર આવેલા આ ક્રોમોઝોમ જોવા માટે અત્યંત સુપર પાવર ધરાવતા માઈક્રોસ્કોપની જરૂર પડે છે.

# જીઈબી એન્જિનિયર્સ એસોસિએશનનાં સેક્રેટરી જનરલ તરીકેનો કાર્યભાર સંભાળતા હરેશ વઘાસિયા

## સંગઠનને મજબૂત બનાવી મેમ્બરોના પોલિસી લેવલના પ્રશ્નોને વાચા આપવાવઘાસિયાનો કોલ



જૂનાગઢ, તા.૧૧

જીઈબી એન્જિનિયર્સ એસોસિએશન ગુજરાતનું ઓફિસર્સ મેમ્બરનું એક એવુ રજીસ્ટર એસોસિએશન છે, જેમાં મેમ્બર તરીકે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમિટેડતાબાની કંપનીમાં કાર્યરત જુનિયર ઈજનેર થી ચીફ એન્જિનિયર સુધીના ઈજનેરો સંગઠીત ભાવથી જોડાયેલા છે. આ સંગઠનમાં ૬૦૦૦ થી વધુ વિજ ઈજનેરો જોડાયેલા છે, સંગઠનની જાળવી રાખવા અને ઈજનેરોના પોલીસી લેવલના પ્રશ્નો વખતો વખત સરકારશ્રીમાં તેમજ મેનેજમેન્ટ સમક્ષ રજૂઆત કરવા માટે સેન્ટ્રલ મેનેજિંગ કમિટીની બેઠકો આયોજીત થતી રહેતી હોય છે. જેના ભાગરૂપે તાજેતરમાં જીઈબી એન્જિનિયર્સ એસોસિયેશન દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલ બેઠકમાં રાજ્યભરના જીઈબી એન્જિનિયર એસોસિયેશનના છ કંપની જેટકો,જીસેક, પીજીવીસીએલ ડીજીવીસીએલ, એમજીવીસીએલ અને યુજીવીસીએલ કંપનીમાંથી એસોસિએશનના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. આ મિટિંગમાં ખાસ કોરબોડીમાંથી સેક્રેટરી ફાઈનાન્સ જે આર શાહ, VP GSCEL એ બી પ્રજાપતિ, વીપી ડિસ્કોમ અને યુજીવીસીએલના ચીફ એન્જિનિયર જી.એચ એન્જિનિયર, વાઈસ પ્રેસિડેન્ટ લીગલ એસ.ડી.પટેલ તથા તમામ કંપનીના જનરલ સેક્રેટરી અને સંયુક્ત સંકલન સમિતિના કાર્યકારી અધ્યક્ષ બી એમ શાહ તેમજ ચૂંટણી અધિકારી અને ચીફ ઈજનેર જેટકો કે જે ભુવા ઉપસ્થિત રહેલ, આ મિટિંગમાં એસોસિએશનના લાંબા સમયથી પેન્ડિંગ પ્રશ્નો બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને સાથે સાથે આ મિટિંગમાં સેક્રેટરી જનરલ તરીકે જૂનાગઢ જેટકો કચેરીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હરેશ વઘાસિયાને કોરબોડી તથા સીએમસી મેમ્બરો દ્વારા ડિસેમ્બર-૨૦૨૬ સુધીનો સેક્રેટરી જનરલ તરીકેનો કાર્યભાર સોપવામાં આવ્યો હતો. હેરશ વભાસિયાએ પોતાનાં પ્રતિભાવમાં જણાવ્યુ હતુ કે મારી ટીમ આગામી દિવસોમાં સંગઠનને કઈ રીતે મજબૂત બનાવી શકાય, તેમ જ એશોસિયેશનનાં સભ્યોનાં પોલિસી લેવલના પ્રશ્નોને વાચા આપવા માટે પ્રયત્નો કરવામાં આવશે. તેમજ સભ્યોના પ્રાણ પ્રશ્નોને વાચા આપવા માટે મેનેજમેન્ટ અને સરકારમાં રજૂઆત કરવામાં આવશે તેમ છતાં ઉકેલ નહી આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આગળ વધતા અમે અટકીશું નહીં, કાર્યક્રમ દરમ્યાન વર્ષ ૨૦૨૫ની તૈયાર કરેલી જીબીઆ ડાયરી કોર બોડી મેમ્બરો દ્વારા વિમોચન કરવામાં આવેલ. આ મીટીંગ દરમ્યાન આવનારા ડિસેમ્બર ૨૦૨૬ મા જીઈબી એન્જિનિયર એસોસિએશન આગામી અધિવેશન જુનાગઢ અથવા અંબાજી ખાતે આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે, તેમજ તેને માટે સોવીનીયરની પણ જાહેરાત કરવામાં આવેલ છે. ઉલ્લેખનિય છે કે જીઈબી એન્જિનિયર એસોસિએશનના પ્રમુખ પદ ગુજરાત રાજ્યના ભારતીય જનતા પાર્ટીના વાઈસ પ્રેસિડેન્ટ ગોરધનભાઈ ઝડફિયા પોતાનું યોગદાન આપી રહ્યા છે.

# વેરાવળની સરકારી વિજ્ઞાન કોલેજનો વાર્ષિકોત્સવ યોજાયો

## કલેક્ટર સહિત મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામ અને ટ્રોફીનું વિતરણ



વેરાવળ, તા.૧૧

વેરાવળની સરકારી વિજ્ઞાન કોલેજનો વાર્ષિકોત્સવ ઉમંગ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં યોજાયો હતો. જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા વાર્ષિકોત્સવમાં વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ અને ટ્રોફીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વાર્ષિકોત્સવમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતાં. આ ઉપરાંત 'સ્ત્રી સશક્તિકરણ', 'વિવિધતામાં એકતા', 'બેટી બચાવો બેટી પઢાવો', 'પર્યાવરણનું રક્ષણ' જેવી થીમ પર અનેકવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કચ્છી ગરબો, દુહા, છંદ, ચોપાઈની રમઝટ બોલાવવામાં આવી હતી અને લગ્ન ગીત તેમજ રાજસ્થાની નૃત્ય રજૂ કરાયાં હતાં.

કલેક્ટરે પ્રેરક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, કોલેજકાળ વિદ્યાર્થીઓનો સુવર્ણકાળ હોય છે. આ કોલેજકાળને માણવાની સાથે જ જીવનનો એક નિશ્ચિત ધ્યેય નક્કી કરવો પણ અગત્યનો છે. દિઘર્દ્રષ્ટી સાથે કરિયર બનાવવાની અમૂલ્ય તક કોલેજકાળમાં જ મળે છે. આ માટે પુરુષાર્થ કરવો જરૂરી છે. આ સાથે જ કલેક્ટરશ્રીએ વિદ્યાર્થીઓને આત્મબળ મજબૂત બનાવી પોતાની અંદર રહેલી સુષુપ્ત શક્તિને ઓળખી જીવનમાં આગળ વધે એવી શુભકામનાઓ પાઠવી હતી.

વાર્ષિકોત્સવના અંતે નિબંધ સ્પર્ધા, વાર્તાલેખન, વકતૃત્વ સ્પર્ધા, સૂર્યનમસ્કાર, યોગાસન, ડિબેટ, ચેસ, બેડમિન્ટન વગેરે વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને કલેક્ટરશ્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહક ઈનામ અને ટ્રોફીથી સન્માનિત કરાયાં હતાં.

આચાર્ય સ્મિતાબહેન છગના માર્ગદર્શનમાં યોજાયેલા વાર્ષિકોત્સવમાં વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ શ્રી પલ્લવીબહેન જાની, સંસ્કૃત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ.લલીતભાઈ પટેલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી હરેશભાઈ મકવાણા, સેવન્થ નેવલ યુનિટ કમાન્ડિંગ ઓફિસર અક્ષય ઠક્કર, ઈન્ડિયન રેયોનના પ્રતિનિધિઓ શ્રદ્ધા મહેતા અને ક્રિષ્ના ગનેરીવાલ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### રોબોટિક ની-રિપ્લેસમેન્ટ સર્જરીમાં AI ક્રાંતિ

# સેવ લાઈફ હોસ્પિટલ ગુજરાતની પ્રથમ AI-આધારિત રોબોટિક સર્જરી સિસ્ટમની પાયોનિયર

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૧

અમદાવાદમાં વિશ્વ કક્ષાની આરોગ્યસંભાળ સેવાઓ પ્રદાન કરતી સેવ લાઈફ હોસ્પિટલે, જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી માટે ગુજરાતની પ્રથમ AI-સંચાલિત રોબોટિક સર્જરી સિસ્ટમ, MISSOના સફળ સ્થાપન સાથે તબીબી નવીનતામાં એક નવો માપદંડ સ્થાપિત કર્યો છે. આ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવ્યું હતું.

ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના ડિરેક્ટર ડૉ.રૂતુલ ગાંધીના નેતૃત્વ હેઠળ, સેવ લાઈફ હોસ્પિટલે રોબોટિક ની- રિપ્લેસમેન્ટ સર્જરીમાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. જે અગ્રણી અભિગમ, સર્જનોની કુશળતા સાથે અત્યાધુનિક છેં ટેકનોલોજીના સંકલન સાથે દર્દીની સંભાળ અને જલદી સાજા થવાના પરિણામોને પરિવર્તિત કરે છે.

MISSO રોબોટિક સિસ્ટમ એ સૌથી અદ્યતન સર્જિકલ રોબોટિક ટેકનોલોજી છે, જે સર્જનોને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીમાં અનુમાનિત અને સુસંગત પરિણામો માટે વ્યક્તિગત પૂર્વ-આયોજન અને ચોક્કસ સારવારમાં સહાય કરે છે. તે ઓપ્ટિકલ ટ્રેકિંગ સેન્સર, ૬-અક્ષીય આર્ટિક્યુલેટેડ રોબોટિક આર્મ અને શ્રેષ્ઠ સલામતી સેન્સરથી સજ્જ છે. તે સર્જનોને રીઅલ-ટાઈમ ગેપ જાણી અને સર્જિકલ યોજનાઓના જરૂરી ફેરફારો કરવામાં પણ મદદ કરે છે.

ડૉ.રૂતુલ ગાંધીએ જણાવ્યું હતું કે, "AI-આધારિત રોબોટિક ની-રિપ્લેસમેન્ટ સર્જરી ઓર્થોપેડિક સંભાળના ભવિષ્યનું પ્રતિનિધિત્વ કરે છે. આ ટેકનોલોજી ચોકસાઈ વધારીને અને જોખમો ઘટાડી, ઝડપી રિકવરી અને સારા પરિણામોને સક્ષમ બનાવે છે. સેવ લાઈફ હોસ્પિટલમાં, અમે વિશ્વ-સ્તરીય આરોગ્યસંભાળને બધા માટે સુલભ બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ, જે અમારા દર્દીઓને આશા અને વિશ્વાસ આપે છે."

AI-આધારિત રોબોટિક ની-રિપ્લેસમેન્ટ સંખ્યાબંધ ફાયદાઓ પ્રદાન કરે છે. સારા વિઝ્યુલાઈઝેશન અને નિયંત્રણ સાથે સર્જનોને દર્દીની શરીરરચના અનુસાર ક્રિયાઓને અનુરૂપ બનાવવા સક્ષમ બનાવે છે, જે શ્રેષ્ઠ ગોઠવણી સાથે ઈમ્પ્લાન્ટ સુનિશ્ચિત કરે છે. આ શસ્ત્રક્રિયા પછી દુખાવો-સોજો ઘટે છે, જ્યારે જોઈન્ટની કાર્યક્ષમતામાં વધારો થાય છે.




વધુમાં, AI- આધારિત રોબોટિક તકનીક પેશીઓ અને લોહીનું નુકસાન ઓછું કરે છે, જેના પરિણામે દર્દીઓને હોસ્પિટલમાં ઓછું રોકાણ અને ઝડપી રિકવરીનો સમય મળે છે.

ડો.ગાંધી અને તેમની ટીમે તાજેતરના મહિનાઓમાં સફળતાપૂર્વક સંખ્યાબંધ રોબોટિક ની- રિપ્લેસમેન્ટ સર્જરી કરી છે અને અસંખ્ય દર્દીઓના જીવનમાં પરિવર્તન લાવ્યું છે. એક નોંધપાત્ર કેસમાં કાર્ડિયાક સમસ્યા ધરાવતા ૭૫ વર્ષીય દર્દીનો સમાવેશ થાય છે જેને તેની શારીરિક સમસ્યાને કારણે નોંધપાત્ર સર્જિકલ જોખમોનો સામનો કરવો પડ્યો હતો. તેમણે સુરક્ષિત અને કાર્યક્ષમ રોબોટિક ની-રિપ્લેસમેન્ટ કરાવ્યું, જેનાથી ઝડપી સ્વસ્થતા સાથે જીવનની ગુણવત્તામાં સુધારો થયો.

અન્ય એક કેસ ૬૨ વર્ષીય પુરુષનો હતો, જે ઘૂંટણના દુખાવાથી પીડાતા હતા જેના કારણે તેમણે રોજિંદા જીવનને ગંભીર રીતે મર્યાદિત કરી દીધું હતું. રોબોટિક ની-રિપ્લેસમેન્ટ સર્જરી કરાવ્યા પછી, તેમણે માત્ર તેમના રોજિંદા જીવનમાં ગતિશીલતા જ પાછી નથી મેળવી, પરંતુ આ અદ્યતન પ્રક્રિયા અને સમયસર તબીબી હસ્તક્ષેપ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાના મિશન ઉપર પણ કામ શરૂ કર્યું.

ડો.ગાંધીએ ઉમેર્યુ કે, આ કેસો જટિલ તબીબી પડકારોમાં રોબોટિક સર્જરીની વૈવિધ્યતા દર્શાવે છે. સાથે જ દર્દીના નોંધપાત્ર પરિણામો અન્ય લોકો માટે આશા આપે છે. અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ અને દર્દી-પ્રથમની ફિલસૂફી દ્વારા સંચાલિત, સેવ લાઈફ હોસ્પિટલ આરોગ્યસંભાળ શ્રેષ્ઠતા માટે પ્રતિબદ્ધ છે. હોસ્પિટલ સમુદાય આઉટરીચ કાર્યક્રમો ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે, અને ખાતરી કરે છે કે રોબોટિક સર્જરી જેવી અદ્યતન સારવાર વંચિત વસ્તી માટે પણ સુલભ છે.

# દ્વારકામાં સંકલ્પ એનજીઓ દ્વારા ૩૬૦મી ઈવેન્ટની ભવ્ય ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૧

દ્વારકામાં સંકલ્પ એન.જી.ઓ. દ્વારા તાજેતરમાં ૩૬૦ મી ઈવેન્ટની ઉજવણી પ્રસંગે શહેરની લેમન ટ્રી હોટેલમાં એક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રાજકોટ પીજીવીસીએલના સી.એસ.આર. ૨૪ - ૨૫ અંતર્ગત દ્વારકા તાલુકાની ૯૧ પ્રાથમિક શાળા અને ૩ આશ્રમ શાળાના બાલવાટિકા અને ધો. ૧ થી ૮ સુધીના તમામ બાળકોને ઠંડીની સીઝનને અનુરૂપ સ્વેટર અને પગના મોજાની એક-એક જોડીનું વિતરણ કરવાનું નકકી કરવામાં આવ્યું છે. જે તબ્બકાવાર દરેક સ્કૂલને વિતરણ કરવામાં આવશે.

કાર્યક્રમમાં શારદાપીઠના સ્વામી શ્રી નારાયણાનંદ બ્રહમચારીજી, સનાતન સેવામંડળના કેશવાનંદજી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટ, ધારાસભ્ય પબુભા માણેક સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા અને સંકલ્પ એનજીઓની સેવાકીય પ્રવૃતિને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળતાપૂર્વક સંપન્ન કરવા માટે સંકલ્પ એનજીઓ ટીમ અને પ્રાથમિક વિભાગના અધિકારી તથા તેમની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

### રવિચંદ્રન અશ્વિન પોતાના નિવેદનના કારણે વિવાદમાં

# હિન્દી ભારતની રાષ્ટ્રભાષા નથી : રવિચંદ્રન અશ્વિન

## અશ્વિને તમિલનાડુની એક ખાનગી એન્જિનિયરિંગ કોલેજના પદવીદાન સમારોહ દરમિયાન આ વાત કહી

ચેન્નાઈ, તા.૧૧

ભારતના સ્ટાર ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન પોતાના એક નિવેદનના કારણે વિવાદમાં આવી ગયા છે. રવિચંદ્રન અશ્વિન કહ્યું કે, હિન્દી ભારતની રાષ્ટ્રભાષા નથી. રવિચંદ્રન અશ્વિનના આ નિવેદને સમગ્ર વિશ્વમાં હલચલ મચાવી દીધી છે. જ્યારબાદ રવિચંદ્રન અશ્વિન સોશિયલ મીડિયામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. રવિચંદ્રન અશ્વિને તમિલનાડુની એક ખાનગી એન્જિનિયરિંગ કોલેજના પદવીદાન સમારોહ દરમિયાન વિદ્યાર્થીઓને સંબોધિત કરતા આ વાત કહી છે.

રવિચંદ્રન અશ્વિને વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે, જો કોઈ અંગ્રેજી અથવા તમિલ ભાષામાં એટલું નિપુણ નથી, તો શું કોઈને હિન્દીમાં પ્રશ્નો પૂછવામાં રસ રાખે છે. રવિચંદ્રન અશ્વિને આટલું બોલતાની સાથે જ વિદ્યાર્થીઓના ગ્રુપમાં મૌન છવાઈ ગયું હતું. રવિચંદ્રન અશ્વિને અચાનક ભારતમાં ભાષાનો મુદ્દો ઉઠાવ્યો છે. રવિચંદ્રન અશ્વિને હિન્દી ભાષા અંગે વિદ્યાર્થીઓની પ્રતિક્રિયામાં તફાવત જોયો. આ પછી ઓફ-સ્પિનરે કહ્યું કે, મને લાગ્યું કે મારે આ કહેવું જોઈએઃ હિન્દી આપણી રાષ્ટ્રભાષા નથી; તે એક સત્તાવાર ભાષા છે. આ ટિપ્પણી એવા સમયે નવી ચર્ચાને જન્મ આપી શકે છે જ્યારે તમિલનાડુના શાસક ડીએમકે સહિત ઘણા વિરોધ પક્ષોએ કેન્દ્ર પર રાજ્યોમાં ખાસ કરીને દક્ષિણમાં હિન્દી થોપવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. આ જ કાર્યક્રમમાં અશ્વિને ટીમ ઈન્ડિયાની કેપ્ટનશિપ વિશે પણ વાત કરી હતી. અહીં, અનુભવી ઓફ-સ્પિનરે રાજદ્વારી જવાબ આપ્યો. અશ્વિને કહ્યું કે, 'જ્યારે કોઈ કહે કે હું આ કરી શકતો નથી, ત્યારે હું તેને પૂર્ણ કરવા માટે ઊભો થઈ જાઉં છું, પરંતુ જો તેઓ કહે કે હું કરી શકું છું, તો હું રસ ગુમાવી દઉં છું.' અશ્વિને જણાવ્યું કે, તેમણે એન્જિનિયરિંગ પણ કર્યું છે. અશ્વિને તેની સફરમાંથી શીખેલા બોધપાઠને શેર કરતાં વિદ્યાર્થીઓને ક્યારેય હાર ન માનવા અને શંકાના સમયમાં પણ તેમના માર્ગ પર અડગ રહેવા જણાવ્યું. અશ્વિને વધુમાં કહ્યું કે, 'જો કોઈ એન્જિનિયરિંગ સ્ટાફે મને કહ્યું હોત કે, હું કેપ્ટન નહીં બની શકું તો મેં વધુ મહેનત કરી હોત. અશ્વિને વિદ્યાર્થીઓને શંકાનો સામનો કરવા માટે ધ્યાન કેન્દ્રિત કરવા અને દ્રઢ રહેવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે કહ્યું કે, જો તમે વિદ્યાર્થી છો, તો તમે ક્યારેય રોકાશો નહીં. જો તમે રોકશો નહીં, તો શીખવાનું બંધ થઈ જશે અને શ્રેષ્ઠતા તમારા કબાટમાં માત્ર એક શબ્દ બનીને રહી જશે.

# ઉના પોલીસે પ્રતિબંધિત ચાનીઝ દોરીના જથ્થા સાથે એક ઈસમને પકડી પાડયો



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૧

આગમી મકર સંક્રાતિના તહેવારો આવે છે ત્યારે ગીર સોમનાથ જિલ્લા કલેકટરે જાહેર નામુ બહાર પાડેલ તેનો કડક અમલ કરવા ઉનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન.રાણાની સૂચનાથી ઊનાની સર્વે લન્સ સ્કવોડના પી.એસ. આઈ.આર.પી.જાદવ એ.એસ.આઈ. જોરૂભા નારણભાઈ મકવાણા, પોલીસ હેડ કોન્સ્ટેબલ શાંતિભાઈ વી. સોલંકી અને સ્ટાફે ઊના શહેરમાં પતંગો અને દોરા વેચતા વેપારીઓને ત્યાં ચેકીંગ કરતા ઊના શહેરમાં કમાનના ગેટ અંદર જૂની નગરપાલિકા ઓફીસ પાસે સંજરી ચિકન હાઉસમાં મહમદ અવેશ હનીફભાઈ બહારૂની રે. ઊના સૈયદ વાડારની પાસેથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની ૧૫થી વધુ ફીરકીઓ પકડી પાડી મહે. જિલ્લા મેજિસ્ટ્રેટ ગીર સોમનાથના જાહેર નામાના ભંગ બદલ કલમ B.N.S. ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ગુનો દાખલ કરી ચાઈનીઝ દોરીની ફીરકી કબ્જે કરી અટક કરી હતી.

# દ્વારકાના શિવરાજપુર બીચને વર્ષ ૨૦૨૪ - ૨૫ માટે બ્લુ ફલેગ બીચ પુરસ્કાર એનાયત



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૧

અમદાવાદ ખાતે સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન સંસ્થા દ્વારા બ્લુ ફલેગ પુરસ્કાર સમારોહ તથા સસ્ટેઈનેબલ ટુરીઝમ અંતર્ગત સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સસ્ટેઈનેબલ ટુરીઝમ અને હોસ્પીટાલીટી બાબતે ચર્ચા સાથે આ કાર્યક્રમમાં દ્વારકાના શિવરાજપુર બીચને વર્ષ ૨૦૨૪ - ૨૫ માટે બ્લુ ફલેગ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ સાથે જ શિવરાજપુર બીચને બ્લુ ફલેગ બીચ સર્ટીફીકેશન જાળવી રાખવામાં સફળતા મળી છે. આ સર્ટિફિકેટથી દ્વારકાવાસીઓ તથા શિવરાજપુર બીચ પર આવતા સહેલાણીઓમાં ખુશીની લાગણી જોવા મળી છે.

# આગામી તા.૯ ફેબ્રુઆરીનાં રોજ દુર્ગાધામ ખાતે ભવ્યાતિભવ્ય સન્માન સમારોહ યોજાશે

## મિડીયાક્ષેત્રનાં ૧૦૮ મહાનુભાવોનું થશે સન્માન : બ્રહ્મ પત્રકારોની મિટિંગમાં લેવાયો નિર્ણય

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

આગામી તા.૯ ફેબ્રુઆરીના રોજ દુર્ગાધામ ખાતે ભવ્યાતી ભવ્ય સન્માન સમારોહના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૧. મરણોપરાંત વરિષ્ઠ પત્રકાર, ૨. વિશિષ્ટ પત્રકાર, ૩. પ્રિન્ટ મીડિયા, ૪. ઈલેક્ટ્રોનિક મીડિયા, ૫. સ્થાનિક મીડિયા, ૬. રેડિયો જોકી, ૭. એકેડીમિશિયન, ૮. માહિતી વિભાગમાં કાર્યરત. ઊપરોક્ત ૮ કેટેગરીમાં ૧૨૫ નામ નક્કી કરવામાં આવશે. મિટીંગમાં દેવાંગ ભટ્ટ, દેવાંશી જોષી, જીજ્ઞા રાજગોર, જતીન રાવલ, જીક્ષેશ જોષી, પ્રદિપ રાવલ, સહિતનાં અનેક પત્રકારોની હાજરીમાં આ નિર્ણય કરાયો છે. અમદાવાદ તેમજ ગાંધીનગર ખાતેથી સ્પેશિયલ વાહન મુકવાનું પણ નક્કી કરાયું છે. જે પત્રકાર મિત્રો આ કાર્યક્રમમાં આવવા માંગતા હોય તેમણે નિચે આપેલ લીન્કમાં પોતાની માહિતી અચુક આપવાની રહેશે. સવારે ૧૧ થી બપોરનાં ૧ દરમ્યાનમાં આ કાર્યક્રમ યોજાશે. ૧૫.૦૦૦ ભુદેવો હાજર રહેનાર છે ત્યારે અનેક પ્રકારની સુવિધાઓ ઊભી કરવામાં આવનાર છે. મો.૯૬૬૨૩૪૭૫૧૨ ઊપર કોલ કરી આપ કાર્યક્રમ અંગેની વિશેષ માહિતી મેળવી શકશો. ગુગલ લીન્ક https://froms.gle/6Y4yTzsUChkMg89g6,૧૦૦૦ પત્રકારો હાજરી આપે તેવું આયોજન નક્કી કરાયું છે. મિડિયા ક્ષેત્રનાં અનેક મહાનુભાવોને અપાશે વિશેષ આમંત્રણ. જર્નાલિઝમ કોલેજ તેમજ માહિતી ખાતાનાં અધીકારીઓ અને પ્રોફેસરોને પણ નિમંત્રણ પાઠવવામાં આવનાર છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# હવે તો વિસાવદર વિજકપનીમાં ખાલી પડેલ જુનિયરઈજનેરની જગ્યા ભરો : ટિમ ગબ્બર

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૧

ટીમ ગબ્બર ગુજરાતના કે.એચ. ગજેરા અને વિસાવદરના નયનભાઈ જોષી એડવોકેટ દ્વારા પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના મુખ્ય ઈજનેર, રાજકોટ મુખ્ય મંત્રી, વિરોધ પક્ષના નેતા વિગેરેને લેખિત રજુઆત કરી જણાવેલ છે કે પી.જી.વી.સી.એલ કંપનીના વિસાવદર સબ ડિવિઝન નંબર (૨) નીચે અનેક ગામડાઓ તથા મોટા વિસ્તારો આવતા હોય આ સબ ડિવિઝનમાં છેલ્લા ઘણા સમયથી જુનિયર ઈજનેરની જગ્યા ભરવામાં આવેલ નથી એક જ અધિકારી દ્વારા ગાડુ ગબડાવાતું હોય અને અવારનવાર ફોલ્ટ,ટીસીના પ્રશ્નો ઉભા થતા હોય પ્રજાને તથા ખેતીવાડીના ગ્રાહકોને મુશ્કેલીઓ પડતી હોય આ તાલુકામાં અવાર નવાર રજુઆત કરવા છતાં પણ આ જગ્યા ખાલી રાખવામાં આવેલ હોય આ જગ્યા ઉપર તાત્કાલીક અસરથી જુનિયર ઈજનેરની નિમણૂક કરવા માંગણી સહ રજુવાત છે. ટીમ ગબ્બરની માંગણી યોગ્ય કચેરી ખાતે પહોંચાડી અમારી માંગણી રજુવાત અન્વયે કરેલી કાર્યવાહીનો લેખિત જવાબ નાગરિક અધિકાર પત્ર અન્વયે ટીમ ગબ્બરના સરનામે મોકલી આપવા માટે અરજ સહ વિનંતી કરેલ હોવાનું ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશીની એક અખબાર યાદીમાં જણાવાયું છે.

# ૧૩ અને ૧૪ જાન્યુઆરી, ''લોહડી''



લોહડી એ એક પંજાબી તહેવાર છે. આ તહેવાર પંજાબી ખેડૂતો માટે વધારે મહત્વપૂર્ણ હોય છે. આ સમયે ખેતર ઉપજ લહરાવે છે અને મોસમ સુહાવનો થવા લાગે છે. લોહડીની રાત સૌથી લાંબી રાત ગણાય છે ત્યારબાદ આવતા દિવસો ધીમે ધીમે મોટા થતા જાય છે. લોહડીનો તહેવાર પૌષ મહીનાની અંતિમ રાત્રે અને મકર સંક્રાતિની સવારે સુધી ઉજવાય છે. લોહડી ઉત્તર ભારતનો સૌથી લોકપ્રિય તહેવાર છે, પરંતુ ખાસ કરીને પંજાબમાં આ તહેવાર ખૂબ જ ધૂમધામથી મનાવવામાં આવે છે. વર્તમાન સમયમાં ગુજરાતમાં પણ ભાવનગર જેવા પ્રદેશમાં લોહડીનો તહેવાર ઉજવાય છે. લોહડી શબ્દને લઈને લોકોની અલગ-અલગ માન્યતાઓ છે. કેટલાય લોકો માને છે કે લોહડી શબ્દ 'લોઈ (સંત કબીરની પત્ની)'થી ઉત્પન્ન થયો હતો, પરંતુ કેટલાય લોકો આ શબ્દ તિલોડીમાંથી બન્યો હોય તેમ માને છે જે બાદમાં લોહરી બની ગયો અને કેટલાક લોકો એમ પણ માને છે કે આ શબ્દ લોહથી ઉત્પન્ન થયો હતો, જે રોટલી બનાવવા માટે ઉપયોગી એક ઉપકરણ છે. આજે વ્યવહારમાં લોહડી શબ્દ પણ પ્રયોજાય છે. ઘણા લોકો માને છે કે લોહરીના દિવસે અગ્નિ રાજા દક્ષની પુત્રી સતીની યાદમાં પ્રગટાવવામાં આવે છે. પૌરાણિક કથા અનુસાર એકવાર રાજા દક્ષે યજ્ઞ કરાવ્યો અને તેમાં પોતાના જમાઈ શિવ અને પુત્રી સતીને આમંત્રિત કર્યા ન હતા. આ વાતથી નિરાશ થઈને સતી પોતાના પિતા પાસે જવાબ માંગવા પહોંચ્યા કે તેમણે શિવજીને યજ્ઞ માટે આમંત્રણ કેમ મોકલ્યું નથી. આ વાત ઉપર રાજા દક્ષે સતી અને ભગવાન શિવની ખૂબ જ નિંદા કરી. સતી ખૂબ જ રોઈ, તેનાથી તેના પતિનું અપમાન જોઈ શકાતું ન હતું અને તેથી તેમણે આ યજ્ઞમાં પોતાની જાતને ભસ્મ કરી દીધી. સતીના મૃત્યુનાં સમાચાર સાંભળીને ભગવાન શિવે વીરભદ્રને ઉત્પન્ન કરીને તેના દ્વારા યજ્ઞનો નાશ કરી દીધો. ઘણા લોકોનું માનવું છે કે લોહડીમાં આગ છેલ્લી લાંબી રાત અને માઘની પ્રથમ સવારની કડકડતી ઠંડીને ઓછી કરવા માટે પ્રગટાવવામાં આવે છે. લોહડીમાં ચોકમાં લાકડાની હારમાળા ગોઠવીને ત્યારબાદ તેને પ્રગટાવવામાં આવે છે અને તેની પૂજા, પ્રદક્ષિણા કરવામાં આવે છે. આ તહેવારની ઉજવણીમાં જો લાકડાને બદલે ગાયના છાણનો ઉપયોગ કરવામાં આવે તો સ્વાસ્થ્યની તેમજ પર્યાવરણની દ્રષ્ટીએ પણ આ તહેવાર અતિ મહત્વપૂર્ણ બની જશે તેથી એક સ્વસ્થ ભારતનું નિર્માણ થશે.

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# ઉત્તરાયણ ઉપર ઘાયલ થતાં પશુ-પક્ષીઓ માટે ૧૯૬૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ બનશે 'સંજીવની'





### રાજકોટ જિલ્લામાં ઉત્તરાયણ પર ઘાયલ પશુ-પક્ષીની સંખ્યામાં ૧૨૪ ટકાનો સંભવિત વધારો, પાંચ પશુ ડોક્ટરની ટીમ સાથે પાંચ એમ્બ્યુલન્સ તૈનાત રહેશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૨

ગુજરાત રાજ્યમાં રંગીન પતંગોત્સવની ઉજવણી માટે તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશનમાં ગુજરાત સરકારની ૧૯૬૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ સેવા પંખી અને પ્રાણીઓની ઈમર્જન્સીમાં વધારાનો સામનો કરવા માટે સજ્જ બની છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાંક વર્ષોના તથ્ય અને વિશ્લેષણના આધારે, ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અંદાજે ૧,૪૭૬ ઈમર્જન્સી કેસ નોંધાવાની શક્યતા છે, જે સામાન્ય દિવસોમાં નોંધાતા ૮૪૨ કેસોની સરખામણાએ ૭૨.૨૮ % નો વધારો દર્શાવે છે. તે જ રીતે, ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ૧,૪૯૫ ઈમર્જન્સી કેસ થવાની શક્યતા છે, જે ૭૭.૫૩%નો વધારો દર્શાવે છે. રાજકોટ જિલ્લાની વાત કરીએ તો સામાન્ય દિવસોમાં સરેરાશ ૪૬ જેટલા ઈમર્જન્સી કેસ સામે મકર સંક્રાંતિના દિવસે તા. ૧૪ જાન્યુઆરીના રોજ ૧૦૪ જેટલા કેસની સંભવના સાથે ૧૨૪.૧૪%નો વધારો જોવા મળશે તેમજ તા. ૧૫ જાન્યુઆરીના રોજ ૮૭ જેટલા કેસ નોંધવાની સંભાવના સાથે ૮૭.૫૦% નો વધારો થવાની સંભવના હોવાનું ૧૯૬૨ના પ્રોગ્રામ મેનેજર ડો. પ્રિયાંક પટેલે જણાવ્યું છે. રાજ્યમાં કરૂણા અભિયાન અંતર્ગત, પ્રાણી અને પંખીઓને ઝડપથી મદદ પહોંચે તે માટે રાજ્યભરમાં ૧૯૬૨ના એમ્બ્યુલન્સની સંખ્યા ૧૪ અને ૧૫ જાન્યુઆરી દરમ્યાન ૩૭થી વધારીને ૮૭ કરવામાં આવી છે. જયારે રાજકોટ ખાતે બે ૧૯૬૨ મોટી એમ્બ્યુલન્સ ઉપરાંત ત્રણ મોબાઈલ પશુ દવાખાના વાન (એમ.વી.ડી.) તૈનાત રહેશે. તહેવારના આ દિવસો દરમ્યાન પ્રોગ્રામ મેનેજર પ્રિયાંક પટેલ તેમજ પ્રોજકેક્ટ કોઓર્ડિનેટર પરેશ પ્રજાપતિ સહીત પાંચ પશુ ડોક્ટર તેમજ ટ્રેનર સેવામાં તૈનાત આ સાથે '૧૯૬૨ એમ્બ્યુલન્સ સેવા' દ્વારા આ પાવન તહેવાર નિમિત્તે અબોલ જીવો પ્રત્યે કરૂણા દર્શાવી નાગરિકોને અનુરોધ કરવામાં આવે છે કે, હાનિકારક પતંગની દોરીનો ઉપયોગ ટાળે, સજાગ રહે, અને કોઈ પણ પ્રાણી કે પંખીની ઈમર્જન્સી તરત ૧૯૬૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન ઉપર જાણ કરે. ચાલો, આપણે સૌ મળીને ઉત્તરાયણને કાળજી અને કરૂણાની સાથે ઉજવીએ.

# કેશોદની પ્રાંસલી સીમ શાળામાં દાતા દ્વારા સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૧

કેશોદ શહેરમાં અનેક સંગઠનો દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામા આવે છે. જેમાં લોક ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. હાલમાં શિયાળાની ૠતુમાં ઠંડીનો સામનો કરવા જરૂયાતમંદ લોકોને વિનામૂલ્યે ગરમ કપડાનું વિતરણ કરવામાં આવે છે. તેવી જ રીતે પ્રાંસલી સીમ શાળામાં વિદ્યાર્થીઓને શિયાળાની ઠંડીથી બચાવવા માટે દાતા રોટરી કલબ ઓફ કેશોદ દ્વારા સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું. વિતરણ કાર્યક્રમનું ઉદ્ઘાટન શાળા પરિવાર અને શિક્ષક સંઘના પ્રમુખ રમેશભાઈ ડાંગર અને દાતાના સહયોગથી કરવામાં આવ્યું હતું. દાતાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે શિક્ષણ દરેક બાળકનું મહત્ત્વપૂર્ણ હક છે અને તેમને સહાય પૂરૂ પાડવી તે એક માનવતાવાદી જવાબદારી છે. શાળાના વિદ્યાર્થીઓએ આ શુભકાર્ય માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. શાળાના આચાર્ય અમિતભાઈ સંઘાણીએ દાતાનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે આવા કાર્ય વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં આગળ વધવા માટે પ્રોત્સાહન આપે છે.

# જરૂરિયાતમંદ સિનિયર સીટીઝનોને પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મકરસંક્રાંતિના પાવન પર્વ નિમિત્તે ૧૧ વસ્તુઓનું વિનામૂલ્ય વિતરણ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

ચેતનાબેન મિશ્રાણીના સીધા માર્ગદર્શન નીચે કૃષ્ણ શેરી હવેલી ગલી ખાતે જરૂરિયાતમંદ સિનિયર સિટીઝનને મકરસંક્રાંતિ નિમિત્તે વિતરણ કરવામાં આવેલ હતું. જેમાં બાજરાનો લોટ, મમરાની થેલી, તેલની બોટલ, ગોળનો ડબ્બો, બિસ્કીટ, ગાંઠીયા, ખીચડી, કપડા ધોવાનો સાબુ, તલના લાડુ, પારલેજી બિસ્કીટ વગેરે આપવામાં આવેલ હતું. જેના મુખ્ય દાતા હંસાબેન પલાણ, ભાવિકભાઈ પોપટ, જસુમતીબેન ગંગદેવ, ભાવનાબેન અઢિયા, નીલાબેન લાખાણી, દીપ્તિબેન લાખાણી, મીનાબેન પરપડા, શીલાબેન બુધદેવ, દમયંતીબેન રાજપરા, જયશ્રીબેન રૂઘાણી, બીનાબેન સેજપાલ, ડોક્ટર નરેન્દ્રભાઈ ઉનડકટના સહકારથી આ સેવા કાર્ય ખૂબ જ સરસ રીતે પાર પડ્યું હતું. આ કાર્યક્રમની સફળ બનાવવા ચેતનાબેન મિશ્રાણી, સગુણાબેન રાજા, નિધીબેન રાજા, દક્ષાબેન રાજપોપટ, બીનાબેન સેજપાલ, આરતીબેન કારીયા, જયશ્રીબેન ગોટેચા, રેખાબેન ગોટેચાએ જહેમત ઉઠાવી હતી.

# ઉના તાલુકા કક્ષાની ખેલ મહાકુંભ ખોખો સ્પર્ધામાં દ્વિતીય સ્થાને

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૧ : ઊના તાલુકા કક્ષાની ખેલ મહાકુંભ ખો-ખો સ્પર્ધા તા.૧૦-૧-૨૫ના રોજ સોનારી મુકામે યોજાઈ હતી. તેમાં અંડર-૧૭માં શ્રી માધ્યમિક શાળા- સીમર પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે તેમજ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે હવે તેઓ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે શાળાના આચાર્ય અભયસિંહ પરમાર તેમજ સ્ટાફગણે ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે.

# "રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ" કાર્યક્રમમાં ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અદ્યતન સાધન સામગ્રીથી સુસજ્જ સરકારી હોસ્પિટલમાં વિનામૂલ્યે મોતિયાના નેત્રમણિ થકી ઓપરેશન કરવામાં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય અગ્રેસર





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૧

મોતિયાના કારણે દુનિયા અંધારી લાગે છે, જાણે કોઈ ઘાટા વાદળો છવાઈ ગયા હોય.... આ પંક્તિઓ મોતિયો પીડિત વ્યક્તિઓની વ્યથા વર્ણવી રહી છે. દેશમાં ૫૦ વર્ષથી વધુ વયના નાગરિકોને જેમ-જેમ સમય પસાર થાય છે તેમ તેમ આંખોની સમસ્યામાં વધારો થતો જાય છે, ત્યારે અમુક નાગરિકોને મોતિયાના ઓપરેશન કરાવવા પડે છે. "પહેલા મને આંખે ઝાંખું-ઝાંખું દેખાતું હતું. રોજીંદા કામોમાં ઘણી તકલીફો પડતી હોવાથી નિદાન કરાવ્યું તો મોતિયાનું ઓપરેશન કરવું પડશે તેવી ડોકટરે સલાહ આપી. મનમાં ઘણા પ્રશ્નો અને મૂંઝવણો સાથે આંખની સારવાર કરવાનું નક્કી કર્યું પરંતુ આંખનો સવાલ હોવાથી ઉતાવળ યોગ્ય ન હતી. સગા સંબધીઓં અને સ્નેહીજનો સાથે ચર્ચા કરી સુરેન્દ્રનગરની સરકારી હોસ્પિટલમાં સારવાર કરાવવાનું નક્કી કર્યું. એક પણ રૂપિયાનો ખર્ચ કર્યા વિના ખુબ જ સારી સારવાર મેળવી મારૂ સફળ ઓપરેશન થયું છે. આ ઓપરેશને મારા સરકારી સારવાર પ્રત્યેના બધા જ પૂર્વગ્રહો તોડ્યા અને આજે હવે હું બધું જ સારી રીતે જોઈ શકું છું. આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારનો આભાર માનું એટલો ઓછો છે સરકાર પ્રત્યે હર્ષભેર કૃતજ્ઞતા વ્યક્ત કરતા આ શબ્દો છે લાભાર્થી પરસોત્તમભાઈ રાઠોડનાં. સુરેન્દ્રનગર જિલ્લાનાં લખતર તાલુકાનાં નાના અંકેવાડિયા ગામનાં રહેવાસી પરસોત્તમભાઈ રાઠોડએ સુરેન્દ્રનગર જિલ્લાની શ્રી મહાત્મા ગાંધી સ્મારક જનરલ હોસ્પિટલ ખાતે મોતિયાના ઓપરેશનનો વિનામૂલ્યે લાભ મેળવ્યો છે. "રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ" કાર્યક્રમ રાજ્યભરમાં અમલી છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી જનરલ હોસ્પિટલ ખાતે મોતિયાના ઓપરેશન વિનામૂલ્યે થઈ રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતા શ્રી મહાત્મા ગાંધી સ્મારક જનરલ હોસ્પિટલમાં આવેલા આંખ વિભાગનાં પ્રોગ્રામ ઓફિસર અને આંખના સર્જન શ્રી ડો. કેતન કે.લીંબાચીયા જણાવે છે કે, સુરેન્દ્રનગર ખાતે રાષ્ટ્રીય અંધત્વ અને દ્રશ્ય ક્ષતિ નિયંત્રણ કાર્યક્રમ (નેશનલ પ્રોગ્રામ ઓફ કંટ્રોલ બ્લાઈન્ડનેસ એન્ડ વિઝ્યુઅલ ઈમ્પેરમેન્ટ દ્વંઝ્મશ્ફૈં) પ્રોગ્રામ અંતર્ગત વિનામૂલ્યે આંખના મોતિયાના ટાંકા વગરના નેત્રમણી સાથે ઓપરેશન કરવામાં આવી રહ્યા છે. જેનો હાલ નાગરિકો બહોળી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. સામાન્ય રીતે ખાનગી હોસ્પિટલમાં ૧૦ થી ૧૫ હજાર રૂપિયાનો ખર્ચ થતો હોય છે. જે ગુજરાતના સરકારી હોસ્પિટલોમાં વિનામૂલ્યે કરવામાં આવે છે. સમગ્ર દેશમાં નેત્રમણી વિનામૂલ્યે આપી ઓપરેશન કરવામાં ગુજરાત રાજ્ય મોખરે છે. વધુમાં તેઓ જણાવે છે કે, અહિયાં ઝામર, વેલ, પડદા, ત્રાસી આંખની સારવાર વગેરે જેવા આંખના વિવિધ રોગોનું નિદાન તથા સારવાર આધુનિક સાધનો વડે વિનામૂલ્યે કરવામાં આવે છે. મોતિયાના ઓપરેશન પછી થતી છારી કાઢવા માટે પણ અદ્યતન લેસર મશીન, નેત્રમણીની પૂર્વ તપાસ માટે સોનોગ્રાફી તથા કેરેટોમીટર જેવા આધુનિક સાધનો પણ ઉપલબ્ધ છે. મોતિયો કાચો હોય અને રોજિંદા કામમાં તકલીફ હોય તો કાચા મોતિયાનું પણ ઓપરેશન કરાવી શકાય છે. અત્રે નોંધનીય છે કે, દેશનાં વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો નિર્ધાર છે કે, આપણો દેશ "મોતિયા-અંધત્વમુકત રાષ્ટ્ર" બને. આ નિર્ધારને સાકાર કરવા ગુજરાત રાજ્ય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વ હેઠળ પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરી રહ્યું છે. રાજ્યનાં નાગરિકોના આરોગ્યની દરકાર લઈ રાજ્ય સરકાર દ્વારા "મોતિયા અંધત્વ મુક્ત રાજ્ય" બનાવવા માટે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જેમાં દર્દીઓને વિનામૂલ્યે નેત્રમણી આપવામાં આવે છે. રાજ્યમાં આ હેતુસર આરોગ્ય વિભાગે તમામ જિલ્લા કક્ષાની તેમજ તાલુકા કક્ષાની હોસ્પિટલોમાં મોતિયા ઓપરેશન માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અદ્યતન સાધનો ઉપલબ્ધ કરાવ્યા છે. દ્રષ્ટિહિન વ્યક્તિઓ માટે સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો થકી દ્રષ્ટિ પુરી પાડી શકાય તે માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અન્વયે ૧૮ વર્ષ સુધીના બાળકોની ચકાસણી કરીને ખામી ધરાવતા તમામ બાળકોને વિનામૂલ્યે ચશ્માં વિતરણ પણ કરવામાં આવે છે.

સંકલન : ભાવિકા લીંબાસીયા, શક્તિ મુંધવા

# મોટી મોણપરી ગામે બંધ મકાનમાંથી રૂા.૨૫૫૦૦ની મતાની ચોરી

જૂનાગઢ તા.૧૧


વિસાવદર તાલુકાના મોટી મોણપરી ગામે સોના-ચાંદીના દાગીના સહિત રોકડ મળી કુલ રૂા.૨૫૫૦૦ની મતાની ચોરી થયાની ફરીયાદ નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે જગદીશ બાવનજીભાઈ વાદીએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧-૧૨-૨૪ના રોજ અજાણ્યા શખ્સે ફરીયાદીના બંધ મકાનની દિવાલ ટપીને રૂમમાં કબાટમાં રાખેલ સોનાની બુટી કિ.રૂા.૯૦૦૦, ચાંદીનો જુનો કેડનો કંદોરો કિ.રૂા.૧૫૦૦ સહિત રોકડ મળી કુલ ૨૫૫૦૦ની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G.
ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે,
મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
આઈસ્ક્રીમ
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

બેકરી શો-રૂમમાં કામ કરી શકે તેવા અનુભવી માણસોની જરૂર છે બહુ જ સારો પગાર મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨



सत्यमेव जयते
ગુજરાત સરકાર
INTERNATIONAL Kite FESTIVAL 2025
11 થી 14 જાન્યુઆરી, 2025
આંતરરાષ્ટ્રીય
પતંગ મહોત્સવ
11 થી 14 જાન્યુઆરી, 2025
શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન, ભારત
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
પતંગોથી શણગારેલું આકાશ
પ્રતિવર્ષે, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ગુજરાતના આકાશને એક અદ્વિતીય જીવંત ઉત્સવમાં પરિવર્તિત કરી દે છે. આ દિવસે પરંપરાગત ભારતીય ડિઝાઇન અને 47 દેશની કલાત્મક રચનાઓની સાથે 143 આંતરાષ્ટ્રીય પતંગબાજો આકાશમાં મનમોહક દૃશ્ય ઊભું કરશે, જે તમે ક્યારેય નહીં જોયું હોય. ગુજરાત માટે આ માત્ર એક તહેવાર નથી પરંતુ અહીં વિભિન્ન સંસ્કૃતિઓ અને હૃદયનો મેળાપ થાય છે સાથે જ સમગ્ર આકાશ જીવંત બની જાય છે.
ઉદ્ઘાટક
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
ગરિમામયી ઉપસ્થિતિ
શ્રી મુળુભાઈ બેરા
માનનીય મંત્રી,
પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, ગુજરાત
11 જાન્યુઆરી, 2025 | સવારે 9.00 વાગે
વલ્લભસદન, સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ
ઉજવણીનાં સ્થળો
અમદાવાદ
11-14 જાન્યુઆરી, 2025
વલ્લભસદન, સાબરમતી રિવરફ્રન્ટ
SOU- એકતાનગર
12 જાન્યુઆરી, 2025
ડેમ વ્યૂ પૉઇન્ટ-3, SoU, એકતાનગર
રાજકોટ
12 જાન્યુઆરી, 2025
ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કૉલેજ ગ્રાઉન્ડ, ડૉ. યાજ્ઞિક રોડ, જાગનાથ પોલીસ સ્ટેશન પાસે
વડોદરા
12 જાન્યુઆરી, 2025
નવલખી ગ્રાઉન્ડ, રાજમહેલ રોડ
સુરત
13 જાન્યુઆરી, 2025
રિવરફ્રન્ટની પાછળ, રિવર હાઇટ્સ અપાર્ટમેન્ટની સામે, BAPS મંદિરની સામેની ગલી, અડાજણ
શિવરાજપુર
13 જાન્યુઆરી, 2025
શિવરાજપુર બીચ, શિવરાજપુર, તાલુકો દ્વારકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા
ધોરડો
13 જાન્યુઆરી, 2025
સાંસ્કૃતિક મંચ પાસે, સફેદ રણ
ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ
ઉધોગ ભવન, બ્લૉક નં. 16, ચોથો માળ, સેક્ટર 11, ગાંધીનગર – 382010, ગુજરાત
www.gujarattourism.com • ટોલ ફ્રી નંબર: 1800 203 1111
આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની મુલાકાત માટે QR સ્કેન કરો